કે જાતિના આધારે અલગ રાજ્યની માગણીઓ કરવામાં આવશે અને આશ્ચર્યોની વચ્ચે તેને સ્વીકારવામાં પણ આવે. પોત પોતાના જ્ઞાતિછાદના કુંડાળામાંથી સામાન્ય માણસ કે પ્રજા ક્યારેય બહાર આવીનેદશેના આર્થિક કે સામજિક વિકાસવિશે વિચારવાનો કોઈ પ્રયાસ જ કરતી નથી. જ્યારે પણ દેશની એકતા કે અખંડિતતાની વાત આવે છે. ત્યારે રાજકારણીઓ પોતાના વિસ્તારની જાતિઓને ઉશ્કેરીને જ્ઞાતિવાદના વમળને વધુને વધુ ઊંડા બનાવે છે. પરિણામે એકમત થઈ શકતા નથી. ભાવાત્મક એકતા કેળવી શકતાં નથી. અને રાજકારણીઓની રાજનીતિની આ ગંદી રમત ચાલુ રહે છે.

ધાર્મિક જાતિવાદ, આંતરધાર્મિક જાતિવાદમાં ખાસ કરીને છાશવારે થતાં કોમી હુલ્લડો, પ્રજાની માલમિલકત અને જાતનું નુકશાન જેમ કે

- શ્રીમતી ઈન્દિરા ગાંધીના મૃત્યુ વખતે દેશમાં શીખો વિરુદ્ધ ફાટી નીકળેલી હિંસાના બનાવો.
- ગુજરાતના ગોધરા તાલુકામાં અયોધ્યાથી પરત ફરી રહેલા રામભક્તો પર મુસ્લિમો દ્વારા હુમલો.
- આંતરધાર્મિક જાતિવાદ તરીકે ઈસ્લામ ધર્મમાં સિયા અને સુન્ની, બૌદ્ધ ધર્મમાં મહાયાન અને હીનયાન, ખ્રિસ્તી ધર્મમાં કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ.

જાતિવાદ, રાજનીતિ દોઉં ખડે
કિસકો કહું કલંક ?
બલિહારી હમારે સમાજ કી
જિન્હેં બનાયેં દોનોં કો 'જનક' !

સમસ્યાનો ઉકેલ

પ્રાચીન સંસ્કૃતિ એ આપણામાં એવા સંસ્કારોનાં બીજવરોપ્યાં છે કે જ્યારે પણ આપણી અખંડિતતાની કસોટી થાય છે. ત્યારે આણે એક સાથે જતે સફળતાપૂર્વક પાર પાડી છે. જ્યારે પણ ભૂતકાળમાં આ દેશ પર વિદેશી આક્રમણો થયાં છે. ત્યારે આ દેશની પ્રજાએ એક સંપથી તેનો વિરોધ કરીને પોતાને આઝાદ કરી છે. પરંતુ આ વખતે દુશ્મનો બહારના નથી ઘરના જ છે. સમસ્યા આપણ સામાજિક દૂષણો છે. તેથી તેનો સામનો પણ સામાજિક રીતે જ થવો જોઈએ. આપણા વઠાઓએ કહ્યું છે કે 'વહોળાનું પાણી ગંધાય છે પણ વહેતું પાણી ગંધાતું નથી.' તેથી આપણે પણ આપણી જડ જેવી વર્ણવ્યવસ્થામાં રહીશું. જ્ઞાતિવાદના ખાબોચિયામાં રહીશું તો ખાબોચિયાના પાણીની માફક ગંધાઈ જઈશું. વળી 'પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે.' તેથી સામાજિક

પરિવર્તન અનિવાર્ય છે. આજના સમયની તાતી જરૂરિયાત છે તે દ્વારા જ જ્ઞાતિવાદના વાડામાંથી બહાર આવીને સાચા દેશપ્રેમને દર્શાવી શકાશે. જો સમાજ પોતાનીરીતે જ આ જ્ઞાતિવાદનું બંધન ફગાવી દેશે તો રાજકારણીઓની રાજનીતિનું આ બ્રહ્માસ્ત્ર આપોઆપ બુઠ્ઠુ થઈ જશે.બંને સામાજિક દૂષણોનો એક ઉપાય છે. જડ વર્ણવ્યવસ્થામાંથી બહાર રાખી, સ્વાર્થવૃત્તિ ત્યાગીને દેશપ્રેમ, દેશની એકતા અને અખંડિતતા વિશે વિચારવું, સમગ્ર દેશની પ્રગતિ અને વિકાસની દિશામાં પ્રયત્નશીલ બનવું. એક ક્ષણ માટે વિચારો કે દેશની સીમાની સુરક્ષા કરતો સૈનિક જો આવા દૂષણોમાં સપડાઈ જાય તો શું તે દેશની રક્ષા કરી શકે ? શું આપણે સલામતીથી જીવન જીવી શકીએ ? જો એક સૈનિક આ દૂષણના બંધનોને ફંગાવી શકે તો આપણે કેમ નહીં ? દેશપ્રેમ બતાવવા માટે સૈનિક બનવું જરૂરી નથી. તે તો સામાન્ય નાગરિક બનીને પણ બતાવી શકાય. જૂના, સામાજિક બંધનો, રીતરિવાજો, જડ માન્યતાઓ, વર્ણવ્યવસ્થા વગેરેનાન મૂળ ખૂબ જ ઊંડા છે. તેને તાત્કાલિક તો ઉખેડીને ફેંકી શકાય તેમ નથી. પરંતુ સાચી શ્રદ્ધાથી પ્રયત્ન કરવામાં આવે તો આ કામ એટલું મુશ્કેલ પણ નથી. સમાજના વિકસના પગથિયાં ચડાવ માટે બધાં પગથિયાં પર અડચણરૂપ ઠોકર છે. આ જાતિવાદ અને રાજનીતિ. તેને સમાજમાંથી દૂર કરીને સમાજને સાફ સ્વચ્છ બનાવીએ. આવતી પેઢીને એક સુંદર સમાજની ભેટ આપીએ.

છે મુશ્કેલ, કાંટાળો માર્ગ, પણ અને ચાલીશું.
છે ખબર, મળશે પછડાટ, પણ અમે ચાલીશું
છો આવતી ઝંઝાવતી, આફતો આ જીવન સફરમાં
જનાખી છે મધદરિયે નાવ, પણ અમે ચાલીશું.

Keep walking ahed
Jai Hind

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

First Three Five-Year plans of India

- Desai Vaishali Maganbhai
M.A., M. Phill.,

The economy of India is based in part on planning through its five-year plans, which are developed, executed and monitored by the Planning Commission of India. The eleventh plan completed its term in March 2012 and the twelfth plan is currently underway. Prior to the fourth plan, the allocation of state resources was based on schematic patterns rather than a transparent and objective mechanism, which led to the adoption of the Gadgil formula in 1969. Revised versions of the formula have been used since then to determine the allocation of central assistance for state plans.

The first Indian Prime Minister, Jawaharlal Nehru presented the first five-year plan to the Parliament of India and needed urgent attention. The total planned budget of ₹2069 crore was allocated to seven broad areas: irrigation and energy (27.2 percent), agriculture and community development (17.4 percent), transport and communications (24 percent), industry (8.4 percent), social services (16.64 percent), land rehabilitation (4.1 percent), and for other sectors and services (2.5 percent). The most important feature of this phase was active role of state in all economic sectors. Such a role was justified at that time because immediately after independence, India was facing basic problems—deficiency of capital and low capacity to save.

The target growth rate was 2.1% annual gross domestic product (GDP) growth; the achieved growth rate was 3.6%. The net domestic product went up by 15%. The monsoon was good and there were relatively high crop yields, boosting exchange reserves and the per capita income, which increased by 8%. National income increased more than the per capita income due to rapid population growth. Many irrigation projects were initiated during this period, including the Bhakra Dam and Hirakud Dam. The World Health Organization, with the Indian government, addressed children's health and reduced infant mortality, indirectly contributing to population growth.

At the end of the plan period in 1956, five Indian Institutes of Technology (IITs) were started as major technical institutions. The University Grant Commission was set up to take care of funding and take measures to strengthen the higher education in the country. Contracts were signed to start five steel plants, which came into existence in the middle of the second five-year plan. The plan was successful. Target Growth: 2.1% Actual Growth: 3.6%

First Plan (1951-1956)

• Industrial sector

• Energy, Irrigation

• Transport, Communications

Land rehabilitation

• Social services

• Development of agriculture and community

• Miscellaneous issues

The target set for the growth in the gross domestic product was 2.1percent every year. In reality, the actual achieved with regard to gross domestic product was 3.6 percent per annum. This is a clear indication of the success of the 1st five year plan.

Some important events that took place during the tenure of the 1st five year plan: The following Irrigation projects were started during that period:

• Mettur Dam

• Hirakud Dam

• Bhakra Dam.

The government had taken steps to rehabilitate the landless workers, whose main occupation was agriculture. These workers were also granted fund for experimenting and undergoing training in agricultural know how in various cooperative institutions. Soil conservation, was also given considerable importance. The Indian government also made considerable effort in improving posts and telegraphs, railway services, road tracks, civil aviation. Sufficient fund was also allocated for the industrial sector. In addition measures were taken for the growth of the small scale industries.

Second Plan (1956–1961)

The second five-year plan focused on industry, especially heavy industry. Unlike the First plan, which focused mainly on agriculture, domestic production of industrial products was encouraged in the Second plan, particularly in the development of the public sector. The plan followed the Mahalanobis model, an economic development model developed by the Indian statistician Prasanta Chandra Mahalanobis in 1953. The plan attempted to determine the optimal allocation of investment between productive sectors in order to maximise long-run economic growth . It used the prevalent state of art techniques of operations research and optimization as well as the novel applications of statistical models developed at the Indian Statistical Institute. The plan assumed a closed economy in which the main trading activity would be centered on importing capital goods.

Hydroelectric power projects and five steel mills at Bhilai, Durgapur, and Rourkela were established. Coal production was increased. More railway lines were added in the north east.

The Atomic Energy Commission was formed in 1958 with Homi J. Bhabha as the first chairman. The Tata Institute of Fundamental Research was established as a research institute. In 1957 a talent search and scholarship program was begun to find talented young students to train for work in nuclear power.

The total amount allocated under the second five-year plan in India was Rs. 4,800 crore. This amount was allocated among various sectors:

- Power and irrigation
- Social services
- Communications and transport
- Miscellaneous

Target Growth:4.5% Growth achieved:4.0%.

Third Plan (1961–1966)

The third plan stressed on **agriculture** and improvement in the production of wheat, but the brief Sino-Indian War of 1962 exposed weaknesses in the economy and shifted the focus towards the Defence industry or Indian army. In 1965–1966, India fought a [Indo-Pak] War with Pakistan. Due to this there was a severe drought in 1965. The war led to inflation and the priority was shifted to price stabilisation. The construction of dams continued. Many cement and fertilizer plants were also built. Punjab began producing an abundance of wheat.

Many primary schools have been started in rural areas. In an effort to bring democracy to the grassroot level, Panchayat elections have been started and the states have been given more development responsibilities.

State electricity boards and state secondary education boards were formed. States were made responsible for secondary and higher education. State road transportation corporations were formed and local road building became a state responsibility.

Target Growth: 5.6% Actual Growth: 2.4%

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

સુરતમાં વહાણવટું અને સમુદ્રો વ્યાપાર - ૧૫૦૦ થી ૧૮૦૦.

- Girish Chandra
(Ph.D. Scholar in Gujarat University)

પ્રસ્તાવના :

ગુજરાત રાજ્યને પ્રાચીનકાળથી વિશાળ કુદરતી દરિયાકિનારો સાંપડયો છે. આવા કુદરતી લાભ સાથે માનવીય પરિબળોનાં સુમેળથી જ ગુજરાત વેપાર-ઉધોગનાં ક્ષે આગવી ઓળખ ધરાવે છે. આના માટે ગુજરાતનાં વેપારી, કૂશળ કારીગરો અને ઉધોગ સાહસિકોનાં પરિશ્રમથી ગુજરાતે વિશ્વભરમાં નામના મેળવી હતી. ભારતમાં પ્રાચીન સમયથી વિદેશ વ્યાપાર અને વહાણવટું થતું જેમાં ગુજરાતનાં લોથલ અને ભાગા તળાવ મુખ્ય બંદરો હતા. [1] દ્વારિકા પણ આ સમયે સમૃધ્ધ બંદર હતું. [2] આર્યોનાં સમય, વૈદિક સમયથી લઇને હડપ્પાકાળમાં પણ વહાણવટું અને સમુદ્ર વ્યાપાર થતો હોવાનાં ઉલ્લેખ મળે છે. બૌધ્ધ તેમજ જૈન સાહિત્યમાં ગુજરાતનાં ટોચનાં બંદર તરીકે ભરૂચ(ભૃગુકચ્છ), સુર્પારક(સોપારા) તથા કૌટિલ્યનાં 'અર્થશાસ' માં તો 'નાવાધ્યક્ષ' જે નદી, સમુદ્ર અને સરોવરોમાં દરિયાઇ વ્યાપાર થતો તેની દેખરેખ રાખતો તેનાં ઉલ્લેખ જોવા મળે છે. રોમન ઇતિહાસકાર પ્લીનીનાં પુસ્તક '*Natural History*' તથા ગ્રીક ઇતિહાસકાર ટોલેમીનાં પુસ્તક '*Geography*' માંથી ભારતનાં પ્રાચીન દરિયાઇ વ્યાપારાનાં માર્ગ, વસ્તુઓ તથા આયાત-નિકાસનાં પ્રમાણ વગેરેની માહિતી મળે છે. '*Periplus of the erithrian sea*' નામનું પુસ્તક લખનાર અનામી લેખક કે જે કદાચ નાવિક હોવાની શક્યતા છે, તેમાંથી ગુજરાતનાં વિવિધ બંદર તથા વેપાર વાણિજ્યની માહિતી મળે છે. [3] ગુપ્તકાલીન સમયમાં આવેલ ચીની યા ફાહિયાન તથા હર્ષકાલિન સમયમાં આવેલ ચીની યા હ્યુ-આન-શાંગ તેમજ ચીની યાત્રી ઇત્સીંગ દ્વારા પણ વહાણવટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મધ્યકાલીન સમયમાં આવેલા માર્કોપોલો, અલ્બેરૂની, ઇબ્નેબતૂતા, બાર્બોસા, વર્થેમાં, થેવેનો, બર્નિયર, મેન્ડન્લેસો વગેરે પ્રવાસીઓનાં વર્ણનોમાં ગુજરાતનાં બંદર વિશે સારી એવી માહિતી મળે છે. [4]

પ્રાચીન સમયમાં ગુજરાતનું બંદર ભરૂચ કે જે ભૃગુકચ્છ નામથી ઓળખાતુ તે જાણીતુ સમૃધ્ધ બંદર હતુ, ત્યારબાદ ખંભાત કે જે સ્તંભતિર્થ તરીકે ઓળખાતુ તે મહમદ બેગડાનાં સમયે અને છેક ૧૬મી સદી સુધી મહત્વનાં બંદર તરીકે ધમધમતુ હતુ. તેનું સ્થાન સમય જતાં સુરતે લીધુ. [5] સુરતનું નામાભિધાન કઇ રીતે થયુ તે અંગે વિવિધ દંતકથાઓ છે જેનો ઉલ્લેખ ભાનુરામ મહેતા, એદલજી બરજોરજી તથા બી.જી. ગોખલે વગેરે લેખકોએ પોતાનાં પુસ્તકોમાં કરેલો છે. તેઓનાં જણાવ્યા મુજબ સુરત ૪થી સદી થી ૧૦મી

[1] શિવપ્રસાદ રાજગોર, ગુજરાતનાં વહાણવટાનો ઇતિહાસ(અમદાવાદ, ૧૯૭૬) પૃ. ૧૬

[2] એજન પૃ. ૨૪

[3] એજન પૃ. ૧૧

[4] એજન પૃ. ૧૧

[5] Ashindas Gupta, *Indian Merchant and Decline of Surat* (New Delhi-1994) P. 1

સદી સુધી હતું ત્યારબાદ સમય જતા ભાંગી પડયુ, ૭૦૦ વર્ષ બાદ નવેસરથી ૧૩મી સદીમાં કરી વસ્યું [1] બીજા અન્ય આધારોમાં ઉલ્લેખ મુજબ હેવિટ નામનાં અંગ્રેજ લેખક "પોતાના પહેલાનાં સમયની રાજ્ય કરતી પ્રજાઓ" નામના પુસ્તકમાં જણાવે છે કે નર્મદા તથા તાપીની ખીણોનો વ્યાપારી લાભ ઘણો મળતો હતો. દ્રવિડ લોકો વહાણ કે હોડીઓ બાંધવા માટે આજુ-બાજુનાં જંગલોનો ઉપયોગ કરતા હતા. અહીં ઉત્પાદિત થતા માલને બહાર મોકલવા માટે નર્મદા- તાપીની ખીણોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થતો હતો. માલને ઝડપથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જઇ શકાતો, આમ આવા લાભોને કારણે સમય જતા લોકોએ નદીનાં મુખ આગળ વસવાટ કર્યો અને ગામો વસાવ્યા. આવા ગામો આગળ જતાં સરપારક(સુરત) અને બારીગાઝા(ભરૂચ) નામે મોટા બંદરો થયા. આ પ્રમાણે જોઇએ તો સુરત ૫-હજાર વર્ષ જુનું અથવા તેથી પણ વધારે પૌરાણિક હતુ તેમ કહી શકાય. ચીની મુસાફર હ્યુ-એન-સાંગ પણ તેનો ઉલ્લેખ 'સુરથ' નામથી કરે છે. [2] સુરતનો બંદર તરીકે વિકાસ થયો તે પહેલા અગત્યનું બંદર ખંભાત હતુ. ખંભાતનુ બારૂ ધીરે ધીરે પુરાવા લાગ્યુ અને બંદર તરીકે અસ્ત થયો ત્યાર પછી તેનું સ્થાન સુરત બંદરે લીધુ અને જે વ્યાપારીઓ ખંભાતમાં રહીને વેપાર કરતા હતા તેઓ અથવા તેમના વંશજો સુરતમાં આવીને વસવાટ કર્યો. [3] ઇ.સ.૧૫૭૩માં સમ્રાટ અકબરે ગુજરાત જીત્યુ, આ સમયગાળા દરમ્યાન ગુજરાતમાં શાંતિ તથા સલામતીનાં વાતાવરણનું નિર્માણ થયુ હતુ. સુરતને રાજનૈતિક સુરક્ષા મળવાથી ઘણા બધા પ્રશ્નો ઉકેલાઇ ગયા અને સામુદ્રિક વેપારને પ્રોત્સાહન મળ્યુ તેથી આ વેપારથી આકર્ષાઇને અનેક વેપારીઓ, કારીગરો, વહાણ બાંધનાર, વહાણ માલિક, વિસ્થાપિત સમુદાય(Dispora), કારીગરો વગેરે આવીને વસ્યા હતા. મુઘલ સમ્રાટોએ સમયાંતરે સમુદ્રી વેપારીઓને જુદા જુદા પ્રકારની સુવિધાઓ અને લાભો આપીને વેગ આપ્યો હતો. બંદરનો યોગ્ય વિકાસ થાય તેમજ વહીવટ થાય તે માટે અલગ અધિકારી(શાહબંદર)ની નિમણુંક કરી હતી. આમ બંદરનો યોગ્ય વિકાસ કરવામાં આવ્યો હતો.

ગુજરાતનો મુખ્ય ઉધોગ 'સુતરાઉ કાપડ'નો હતો, ગુજરાતનાં વિવિધ વિસ્તારોમાંથી સુતરાઉ કાપડનું ઉત્પાદન થતુ, ગળી ઉધોગ જે ભરૂચ, જંબુસર, સરખેજમાં વિક્સ્યો હતો, પાટણનાં પટોળા, જામનગરની બાંધણી અને કચ્છનું ભરત ગુંથણ વાળુ કાપડ વગેરે સુરત બંદરે લાવીને તેની નિકાસ દેશ-વિદેશમાં કરવામાં આવતી હતી. [4] અહીંનાં વેપારીઓ કોઇ નિશ્ચિત કોમના ન હતા પણ અલગ-અલગ જ્ઞાતિ જૂથમાંથી આવતા હતા જેમાં; વાણિયા, મુસ્લીમ તથા પારસી મુખ્ય હતા અને તેમાં વાણિયાની સંખ્યા વધારે હતી. આ સમયની ધ્યાનાકર્ષક બાબત હતી; કોમી એખલાસનું વાતાવરણ અને વિવિધતામાં એકતા જેવુ વાતાવરણ તેમજ હિંદુ અને મુસ્લીમ વેપારીઓનાં હિત તે સમયે પણ સમાન હતા. [5]

---

[1] એદલજી બરજોરજી પટેલ, સુરતની તવારીખ (સુરત, ૧૮૮૦) પૃ. ૫
[2] મહેતા ભાનુરામ સુખરામ-સુરત,(વડોદરા,૧૯૨૮) પૃ.૮
[3] Gupta Ashindas, *Indian Merchant and Decline of Surat,* p.2.
[4] Gokhale B.G., *Surat in the Seventeenth Century*,(Mumbai, 1979) p.9.
[5] મહેતા મકરન્દ, મહાજનોની યશગાથા,(અમદાવાદ,૧૯૯૪) પૃ.૧૪.

સુરતમાં વહાણ બાંધવા માટે જહાજવાડો ઉપલબ્ધ હતો. આ જહાજવાડાનાં માલિકો મોટા વેપારીઓ હતા, જેમાં પારસી વેપારીઓનું પ્રમાણ વધારે હતુ. જહાજવાડામાં નાના-મોટા જહાજ બાંધવામાં આવતા તેમજ મરામત કરવાની વ્યવસ્થા પણ હતી. વહાણોનાં બાંધકામ માટે લાકડુ નજીકનાં જંગલો અને ભારતનાં અન્ય ક્ષે[illegible]માંથી મંગાવવામાં આવતુ હતુ. સીસમ તેમજ ટીક પ્રકારનાં લાકડાનો ઉપયોગ કરીને ખાસ તકનિકી દ્વારા વહાણો બનાવવામાં આવતા જે વહાણોનું આયુષ્ય લાંબુ હતુ. [1] સુરત બંદરે કસ્ટમ હાઉસ હતુ જ્યાં દરેક પ્રવાસી જકાત ભરીને શહેરમાં દાખલ થતા હતા. વેપારને પ્રોત્સાહન આપવા માટે દરિયાઇ વીમાની વયાવસ્થા હતી જે વીમાની રકમ બે કેન્દ્રોનાં અંતરને આધારે નક્કી કરવામાં આવતી હતી. [2] આમ સુરત એક સમુદ્ર વ્યાપાર અને વહાણવટા માટે જગતમાં વિખ્યાત હતુ તેને રજુ કરવાનો મેં આ લેખમાં પ્રયાસ કર્યો છે.

➢ સુરતનો સમુદ્ર વ્યાપાર :

સુરતનો સમુદ્ર વ્યાપાર ભારતીય સમુદ્રનાં બધા જ ક્ષેત્રો સાથે વિક્સીત હતો. સુરતને એક આંતરરાષ્ટ્રીય બંદરનાં રૂપમાં વિક્સીત કરવામાં સુરતનો ભારતીય સામુદ્રિક વેપાર એક વિશિષ્ટ કારણ હતું. પશ્ચિમ ભારતીય સામુદ્રિક ક્ષેત્રમાં સુરતનો સમુદ્ર વેપાર પર્શિયન ગલ્ફ, રાતા સમુદ્ર તેમજ રાતા સમુદ્રનાં માર્ગથી ઇજીપ્ત તથા પૂર્વ આફ્રિકાની સાથે થતો હતો. મધ્ય હિંદ મહાસાગરમાં મરી-મસાલાનાં ટાપુઓ જ્યારે દક્ષિણ ચીન સમુદ્રમાં કેન્ટોન તથા ફિલિપાઇન્સ સાથે વેપાર કરવામાં આવતો હતો. દેશ-વિદેશનાં વેપારીઓ સુરતમાં વેપાર માટે આવતા અને અહીંથી ચીજવસ્તુ વિદેશમાં વેચતા જેમાં ભારે નફો થતો હતો. સુરતમાં વેપાર માટેની તમામ પ્રકારની સુવિધાથી ઇસ્ટ ઇન્ડીયા કંપનીએ પોતાની પ્રથમ કોઠી સુરતમાં સ્થાપી હતી. સુરતનો ભારતીય આંતરિક વેપાર મુખ્ય [illegible]ણ રીતે : સમુદ્ર તટીય, નદી માર્ગે અને આંતરિક ભૂમિ માર્ગે વેાપર ચાલતો હતો. સુરતનાં ભારતીય સમુદ્ર તટીય વ્યાપારમાં બંગાળ, ઓરીસ્સા, કાવેરીપટ્ટનમ, મુંબઇ, ઘોઘા, વેરાવળ, ભાવનગર અને માંડવી(કચ્છ) સાથે ચાલતો જેના લીધે ભારત પણ આંતરિક રીતે સુરત સાથે નદી તેમજ જમીનનાં માધ્યમથી જોડાયેલુ હતુ.

પર્શિયન ગલ્ફનાં મહત્વનાં બંદરોમાં બસરા, હોર્મુઝ, મસ્કત, સિરાફ, ગોમ્બરૂન વગેરે દેશો સાથે સુરતનાં વેપારીઓ વ્યાપારિક સંબંધો ધરાવતા હતા જેમા ખાસ કરીને ભાટિયા વેપારીઓને હોર્મુઝ, ઇસ્પહાન અને બસરા જેવા ઇરાન તથા આરબ બંદરો સાથે વિશેષ વ્યાપારી સંબંધો હતા. [3] આ ક્ષે[illegible]માં નાના વહાણોમાં માલ મોકલવામાં આવતો હતો, જ્યાંથી જમીન માર્ગે વણજાર મારફત આ માલ કેરા અને એલેકઝાંડ્રીયા સુધી જતો હતો. હોર્મુઝ પહોંચેલા માલને યુફ્રેટીસ નદીનાં માધ્યમથી બગદાદ અને બગદાદથી

[1] Singh Abhay Kumar, *Modern World System and Indian Proto-Industrialization: Bengal 1650-1800*, Vol.-I, (New Delhi-2006) p.241.
[2] Gokhale B.G., *Surat in the Seventeenth Century*,(Mumbai, 1979) p.14.
[3] મહેતા મકરન્દ, મહાજનોની યશગાથા,(અમદાવાદ,૧૯૯૪) પૃ.૨૮.

વણજારનાં માધ્યમથી એલોપ તથા તુર્કીનાં ક્ષે સુધી લઇ જવામાં આવતો હતો. [1] ઇ.સ.૧૬૫૦માં પર્શિયામાં સુરત બંદરેથી ડચ કંપની દ્વારા દર વર્ષે £ ૫૦૦૦૦ થી ૧૫૦૦૦૦ સુધીની કિંમતનું કાપડ નિકાસ થતું હતુ. જેમાં ડચ કંપનીનાં રજીસ્ટરની નોંધ મુજબ સુરત-પર્શિયાનાં વેપારમાં ઇ.સ.૧૬૪૨માં ૪૦% ઘટાડો નોંધાયો જ્યારે ઇ.સ.૧૬૫૯માં ૭ થી ૮% ઘાટાડો થયો હતો. [2] આના પરથી જણાય છે કે સુરત-પર્શિયાનાં વેપારમાં ઘટાડો થયો જેમા ડચ કંપની સંકળાયેલી હતી. સુરત બંદરેથી રેશમ, ખંભાતનું કાળુ અને સફેદ બાફ્ટા, લાહોર, બંગાળ, વડોદરા, ભરૂચ અને નવસારીનું સફેદ કેલિકો, પટણાની સોળગજી, દખ્ખણ તથા બંગાળનું મસ્લિન(મલમલ), બરહાનપુર તથા મસુલીપટ્ટનમની છીંટ, બયાના, સરખેજ તથા જંબુસરની ગળી, ભરૂચ, અંકલેશ્વર તથા વડોદરાથી માખણની નિકાસ પર્શિયન ગલ્ફનાં દેશોમાં કરવામાં આવતી હતી. [3]

પર્શિયન ગલ્ફનાં ઉઝબેક રાજ્યમાંથી અરબી ઘોડા, [4] ઇરાનથી ગરમ કાપડ, શેતરંજી, સુકામેવા, શરાબ(શીવાજી દારૂ), [5] તાંબાનાં અને ચાંદીનાં સિક્કા, પરવાળા વગેરે આયાત થતા હતા. ઇ.સ.૧૬૫૮માં વીરજી વોરાએ અંગ્રેજો પાસેથી જથ્થાબંધ પરવાળા ખરીધા હતા. [6] રાતા સમુદ્રનાં ક્ષેમાં મોચા, એડન, સોકો, જીદ્દાહ, દેલીસારોડ, તામારીન, બેરબેરા, દિજબુત્તી જેવા મહત્વનાં બંદર સાથે સુરતનો વેપાર ધમધમતો હતો. રાતા સમુદ્રનાં વિસ્તારમાં બાફ્ટા, કેલિકો, મસ્લિન, છીંટ જેવા કાપડની તેમજ ગળી, લોખંડ, વિવિધ પ્રકારનાં વહાણ વગેરેની નિકાસ કરવામાં આવતી હતી. સુરત બંદરે રાતા સમુદ્રનાં ક્ષેત્રોમાંથી તુર્કીથી ગરમ કાપડ, એડનથી ઉન, બસરાથી કોફી, મોચા અને એડનથી અફ્રીણ તથા હિંગળોક, સોનુ વગેરે આયાત થતી હતી. [7] પશ્ચિમ ભારતીય સમુદ્રનો વેપાર પૂર્વ આફ્રિકાનાં મહત્વનાં બંદરો મેગાદીસુ, શહર, બારવા, ઝાંઝીબાર, મોમ્બાસા, મલિન્દી સાથે વેપાર ચાલતો હતો. વિરજી વોરા જેવા વેપારી આફ્રિકાનાં દેશોમાં કાપડ, અકીકનાં રમકડા, માળા, છરી-ચપ્પુનાં હાથા, [8] ગુજરાતનાં પ્રસિધ્ધ ધોતી, પાઘડી તથા ડુંગરી(મલબાર), ગળી તથા મસ્લિન વગેરે નિકાસ થતી હતી. [9] આયાત થતી ચીજોમાં મોમ્બાસા અને મેઝામ્બિકથી હાથીદાંતની વસ્તુઓ, એબિસેનિયા તેમજ અન્ય વિસ્તારમાંથી ગુલામો વગેરેનો સમાવેશ થતો હતો. સુરત બંદરનો વેપાર મધ્ય હિંદ મહાસાગરનાં વિસ્તારનાં જાવા, સુમા, બોર્નિય, ઇન્ડોનેશિયા, મલાયા જેવા ટાપુઓ સાથે જોડાયેલો હતો. આ તમામ ક્ષે મુખ્યત્વે મરી-મસાલાનાં

[1] Sinh O.P., *Surat and Its Trade in Second Half of Seventeenth Century*, p.32.
[2] Om Prakash, *The New Cambridge History of India*(Cambridge-1998) p.194.
[3] Gokhale B.G., *Surat in the Seventeenth Century,*(Mumbai, 1979) p.107.
[4] Dell Steaphen Fedric, *Indian Merchants and Uration Trade,*(U.K..1994) p.42.
[5] સુરત જિલ્લો, ચંદુભાઇ ઠક્કર – રમેશચંદ્ર ત્રિવેદી(સંપાદક) ગુજરાત: રાજ્ય સર્વસંગ્રહ, પૃ.૩૩૭.
[6] મહેતા મકરન્દ, મહાજનોની યશગાથા,(અમદાવાદ,૧૯૯૪) પૃ.૧૮.
[7] Surendra Gpal, *Commerce and Craft in Gujarat,* pp.32-33.
[8] મહેતા મકરન્દ, મહાજનોની યશગાથા,(અમદાવાદ,૧૯૯૪) પૃ.૧૭.
[9] Sinh O.P., Surat and Its Trade in Second Half of Seventeenth Century, p.135.

ખાધચીજોનો સમાવેશ થતો [1] અને આયાત થતી ચીજ વસ્તુઓમાં મરી, એલચી, તજ, જાયફળ, જાવંિી, આદુ(લીલુ તથા સુકુ), કસ્તુરી, હરડે, હિંગ ઉપરાંત સોનાના સિક્કા, ચાંદી તથા તાંબાની ધાતુ, વગેરેનો સમાવેશ થતો. [2] એવી જ રીતે સુરત બંદરેથી દક્ષિણ ચીન સમુદ્રનાં કેન્ટોન, મકાઉ, હનોઇ, એમોય, નાનકિંગ અને જાપાન તેમજ યુરોપીય વ્યાપાર પણ થતો હતો જેમાં પોર્ટુગીઝ(પોર્ટુગલ), ડચ(હોલેન્ડ), બ્રિટીશ(ઇંગ્લેન્ડ), ફ્રેન્ચ(ફ્રાંન્સ), ડેનિસ(ડેન્માર્ક), પૂર્વ યુરોપનાં ઓસ્ટ્રીયા, જર્મની, સ્વીડન વગેરે સાથે સારો એવો સમુદ્રી વેપાર ચાલતો હતો.

સુરતમાં સામુદ્રિક વેપારીઓનાં અવિરત પ્રયાસોથી વેપારમાં વૃધ્ધિ થવા પામી હતી. સૌથી મહત્વનાં વેપારી વિરજી વોરા હતા તેઓ અંગ્રજો સામે સંઘર્ષ કરીને પણ વિદેશ વ્યાપરની પ્રવૃત્તિને ચાલુ રાખી હતી. હરિવૈશ્ય નામના વેપારી અંગ્રજોની સાથે વેપાર કરતા હતા. અર્જુનજી નવાડી પણ શરાફી ધંધા ઉપરાંત વ્યાપારી પ્રવૃત્તિ પણ કરતા હતા. ભીમજી પારેખનો કરીયાણાનો વારસાગત ધંધો હતો અને તેમણે પશ્ચિમી તકનિકીને હિંદમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો તેમાં ૧૬મી સદીમાં વિક્સાવેલુ પ્રિન્ટીંગ પ્રેસ હતુ. [3] સોમાજી છીતા અને છોટા ઠાકુર કાપડનાં ધંધામાં રોકાયેલા હતા. તાપીદાસ પારેખ ચાંદી તથા પરવાળાનાં ધંધામાં રોકાયેલા હતા. મોહનદાસ પારેખ પશ્ચિમનાં દેશો સાથે વેપારી પ્રવૃત્તિ કરતા હતા. ઉપરાંત નાગર બ્રાહમણોમાં ઓચ્છવ માધવ અને દયારામ ઝવેરી પણ નાના વેપારી તથા અંગ્રેજોનાં એજન્ટ તરીકે કામ કરતા હતા. મુસ્લીમ કોમનાં પણ ખ્યાતનામ વેપારીઓ હતા જેમાં ઇ.સ.૧૬૧૨માં મીરજાફર મુખ્ય હતા. અન્ય વેપારીમાં ખ્વાજા નસીમ, ખ્વાજા દાઉદ, ખ્વાજા જલાલુદીન, તાજખાન, તશરીફખાન, ખ્વાજા નિઝામ, ખાન શરીફ, અબ્દુલ લતીફ અને મીરઝા મુઆઝમ વગેરેનો સમાવેશ થતો હતો. [4] પારસી કોમનાં પણ ઘણાં વેપરીઓ સુરતમાં હતા જેમાં રૂસ્તમજી માણેક, હીરજી વધા મોદી, ખુરશેદજી આદરજી, માલોકજી, લીમજી રૂસ્તમજી, એદલજી નસરવાનજી, લીમજી ખુરશેદ, કુંવરજી કાવસ, જમશેદ માણેક વગેરે હતા. [5] આમ સુરતમાં સમુદ્રી વ્યાપારમાં હિંદુ, મુસ્લીમ અને પારસી ઉપરાંત વિદેશી પ્રયોજકોની વ્યાપરી અને સામુદ્રિક પ્રવૃત્તિઓ ચાલતી હતી.

➢ સુરતનું વહાણવટું :

ગુજરાતમાં વહાણવટાની પરંપરા ૫૦૦૦ વર્ષ જુની છે, હડપ્પન સભ્યતાનું બંદરીય નગર લોથલ તેનું અગ્રીમ ઉદાહરણ છે. વહાણ બાંધવા માટે પણ ખાસ અને વિવિધ પ્રકારની તકનિકીનો ઉપયોગ કરવામાં આવતો હતો. સુરત આસપાસમાં જંગલો પુષ્કળ આવેલા હતા જેમાંથી લાકડુ મેળવીને જહાજવાડામાં મોકલવામાં

[1] Om Prakash, *The New Cambridge History of India*(Cambridge-1998) p.194.
[2] Gokhale B.G., *Surat in the Seventeenth Century,*(Mumbai, 1979) pp. 106,108.
[3] મહેતા મકરન્દ, મહાજનોની યશગાથા,(અમદાવાદ,૧૯૯૪) પૃ. ૩૧-૩૨,૩૭,૪૩.
[4] સુરત જિલ્લો, ચંદુભાઇ ઠક્કર – ઉમેશચંદ્ર ત્રિવેદી(સંપાદક) ગુજરાત: રાજ્ય સર્વસંગ્રહ, પૃ.૧૪૫-૧૪૬.
[5] પટેલ એદલજી બરજોરજી, સુરતની તવારીખ,(સુરત-૧૯૭૦) પૃ.૫૬.

બનાવતા તેમજ મરામત કરતા હતા. જહાજવાડાનાં બે પ્રકારો હતા જેમાં એક: મોટા વહાણો બાંધવામાં આવતા હતા. બીજો: વહાણોની મરામત કરવામાં આવતી હતી. સુરત બંદરની પ્રાકૃતિક લાક્ષણિકતામાં દરિયા કિનારાની ઉંડાઇ હતી કે જ્યાં વહાણો હજારો ટનની ક્ષમતાવાળા હોય તો પણ તેને લંગરથી બંદર પર સ્થિર કરી શકાય તેવી વ્યવસ્થા હતી. જો અહીં વધારે વહાણોની સંખ્યા થઇ જાય તો થોડો સમય નજીકનાં રાંદેર અથવા ડુમ્મસ બંદરે લાંગરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ વહાણોને રાખવા માટે 'સ્વાલી મરીન'(Swally Marine)નો ઉપયોગ કરવામાં આવતો હતો. સામુદ્રિક બંદરની પ્રાથમિક જરૂરિયાત એવો જહાજવાડો સુરત બંદરે ઉપલબ્ધ હતો. આ જહાજવાડાનું માળખુ(Structure) તેમના વૈજ્ઞાનિક જ્ઞાનની જાણકારી આપે છે. જહાજવાડો બે પ્રકારે ઉપલબ્ધ હતો સુકો જહાજવાડો(Dry) અને પાણીથી ભરાયેલ જહાજવાડો(Wett). મોટા વહાણોને અંદર લાવીને મરામત કરવાનું કામ પાણી ભરેલા જહાજવાડામાં કરવામાં આવતુ કારણ કે

વિશાળ જહાજ માનવીનાં પ્રયત્નોથી જહાજવાડામાં આવી શકે નહીં તેથી સમુદ્રનાં પાણી સાથે અંદર આવે તેવી વ્યાવસ્થા કરવામાં આવી હતી. નાના વહાણોને સુકા જહાજવાડામાં લાવવામાં આવતા હતા. સુરતમાં બધાજ ઉધોગોમાં જહાજવાડાનો ઉધોગ સૌથી મુખ્ય ઉધોગ હતો, જહાજવાડામાં નાના તેમજ મોટા બંન્ને પ્રકારનાં વહાણો બનાવવામાં આવતા હતા. ઇ.સ.૧૬૪૦ થી ઇ.સ.૧૬૬૦નાં સમયમાં વહાણ બાંધવાની પ્રવૃત્તિ ઝડપી બની અને આ ઉધોગ ચરમસીમાએ હતો. સુરતનાં જહાજવાડામાં ૧૦૦ ટનનાં વહાણો બાંધવામાં આવતા. વહાણ બાંધકામમાં સૌપ્રથમ રાજવી કુટુંબો સંકળાયેલા હતા પરંતુ તેઓ મોટે ભાગે 'હજ' કરવાનાં હેતુ માટેનાં વહાણો બંધાવતા. સમય જતા વહાણોનો ઉપયોગ વ્યાપારમાં થવા લાગ્યો.[1] સમયયાંતરે ૧૨૦૦ ટન સુધીનાં વહાણો બંધાવા લાગ્યા હતા. આવા વહાણો ટકાઉ અને સારા હતા. પીટર-દ-લાવલેએ જહાજવાડામાં બાંધવામાં આવતા વહાણોનાં નામનો ઉલ્લેખ કરેલ છે તેમાં બતેલો, ગુરાબ, ગંજો અને અતલય હતા. ઇ.સ.૧૬૨૬માં સર એચ.મીડલ્ટને જોયેલુ સુરતી વહાણ ૧૫૩ ફુટ લાંબુ, ૪૨ ફુટ પહોળુ અને ૩૧ ફુટ ઉંડુ હતુ તેમાં ૧૫૦૦ ટન માલ ભરેલો હતો. આ સમયે અંગ્રેજ વહાણો ૩૦૦-૩૫૦ ટનનાં હતા જે ૧૦-૧૨ વર્ષે નકામા બની જતા જ્યારે સાગનાં બનેલા સુરતી વહાણો ૧૦૦ વર્ષ સુધી ચાલતા હતા. આ વહાણોને બાંધવા માટે સાગનું લાકડુ નજીકનાં જંગલમાંથી તથા નવસારી અને માલાબારનાં ક્ષે□માંથી લાવવામાં આવતુ, જે વહાણો પાણી સામે વર્ષો સુધી ટકી રહેતા હતા જેમાં વેપારી વહાણો અને યુધ્ધ જહાજોનો સમાવેશ થતો હતો. ઇ.સ.૧૬૧૬થી અંગ્રેજ વહાણોનું સમારકામ સુરતમાં થતું, 'નાવડી ઓવારા' તરીકે ઓળખાતા સ્થળે હોડીઓ અને નાના વહાણ બંધાતા હતા. જ્યારે 'જંગી ઓવારા' તરીકે ઓળખાતા સ્થળે મોટા વહાણો બાંધવામાં આવતા હતા. જહાજવાડાનાં માલિકો મુખ્યત્વે પારસી હતા જ્યારે કારીગરોમાં થોડા પારસીઓ તથા મોટા ભાગનાં હિંદુઓ હતા. વહાણમાં કરવામાં આવતુ લુહારીકામ સુરતનાં લુહારો તથા સઢ માટે વણાટનું કામ વણકરો કરતા હતા[2]

[1] Mukerji Amitabh, *Studies in Indian Maritime Trade*,(Colcutta-1999) p.54.
[2] રાજગોર શિવપ્રસાદ, ગુજરાતનાં વહાણવટાનો ઇતિહાસ,(અમદાવાદ-૧૯૭૬), પૃ.૨૦૭.

વહાણ બનાવવામાં બે કોમો મુખ્યત્વે રોકાયેલી હતી જેમાં પ્રથમ 'જીહાતગદી' કે જેઓ વહાણો બનાવતા અને બીજી 'જહાજત' કે જેઓ વહાણ મરામત કરતા હતા.

ઇ.સ.૧૬૬૭માં 'Stavorinus' વહાણ બાંધકામ વિશે વર્ણન કરે છે તે મુજબ; અંગ્રેજ ગોદીમાં ૧૦૦ ફુટ લાંબુ વહાણ બાંધવામાં આવ્યુ જેની કિંમત ૭૫૦૦૦ની હતી. મોટામાં માટું વહાણ ચીન સાથેનાં વ્યાપાર માટે બાંધવામાં આવતુ, તે ૫૦૦ થી ૧૦૦૦ ટનની ક્ષમતાવાળું હતુ. પર્શિયા અને અરેબિયા માટે નાના વહાણો બાંધવામાં આવતા તેમજ એક વહાણ ૧૩૫ ફુટ લાંબુ અને ફ્રિગેટ પ્રકારનું □ણ ધ્વજદંડ(Masts) વાળુ પણ હતુ.[1] ૧૭-૧૮મી સદીમાં સુરત બંદરે વિદેશથી આવેલા વહાણોને લાંગરવાની ઉત્તમ વ્યવસ્થા હતી, ખાસ કરીને નવેમ્બર થી એપ્રીલ દરમ્યાન કોઇકવાર બંદર પર અવ્યવસ્થા પણ સર્જાતી હતી.[2] બંદર પર માલ ઉતરે કે તરત જ કસ્ટમ હાઉસમાં લઇ જવામાં આવતો હતો. ૧૭-૧૮મી સદીમાં સુરતમાં ત્રણ કસ્ટમ હાઉસ હતા જેમાં બે નવાબ પાસે જ્યારે એક અંગ્રેજ પાસે હતું. નવાબ પાસે કસ્ટમ હાઉસ હતા તેમાં એક કુરજા(Furja) અને બીજુ ખુશ્કી(Khuski) તરીકે ઓળખાતા અને તે દરિયા કિનારાનાં કસ્ટમ હાઉસ હતા.[3] ખુશ્કી અને કુરજા બંન્નેનું કાર્ય દરિયાકિનારે આવતા માલસામાન પર જકાત લેવાનું હતુ. ખુશ્કી અને કુરજામાં ૧૦૧ જણસ પર જકાત લેવામાં આવતી હતી. જેમાં રંગ, ફળફળાદી અને તેમાંથી બનતી વિવિધ વસ્તુઓ પર 2.5% જકાત લેવાતી હતી કેટલીક ચીજ વસ્તુ પર વધારે જકાત લેવામાં આવતી હીંગ-8.33% , હરડે-8.82%, મીણ-10.67% , ઘી-11.67% અને લાખ-30.98% જેટલી હતી. ખુશ્કીમાં જમીન માર્ગે આવતી ચીજવસ્તુ પર જકાત લેવામાં આવતી તેને 'મુકાત' કહેવામાં આવતી તેમાંથી ખૂબ આવક થતી હતી.[4] □જુ કસ્ટમ હાઉસ અંગ્રજોની માલિકીનું હતુ જેને લાટી(Lati) કહેતા, આ કસ્ટમ હાઉસ પણ દરિયાકિનારા પરનું હતુ. જેનું કામ દરિયાકિનારા પર ઉતારવામાં આવતી ચીજવસ્તુઓ પર જકાત ઉઘરાવવાનું હતુ. કસ્ટમ હાઉસનાં વહીવટ માટે બંદર પર મુખ્ય અધિકારી 'શાહબંદર' હતો. વિદેશથી આવતા વેપારીઓને રહેવા માટે 'સરાઇ' બાંધવામાં આવી હતી જેને મુગલ સમયમાં 'મુગલ સરાઇ' તરીકે ઓળખવામાં આવતી હતી. સુરતને ૮૪ બંદરોનાં વાવટા તરીકે ઓળખવામાં આવતુ હતુ અને મોટા ભાગનાં દેશોમાંથી વ્યાપરીઓ મોટા મોટા વહાણ મારફતે આવતા અને વ્યાપર કરતા હતા.

સુરત બંદરનાં વિકાસમાં સમુદ્રી પ્રયોજકોનો ફાળો મોટો છે તેમાં વહાણ બાંધનાર પ્રયોજકો મોખરે છે કારણ કે બધો જ વેપાર તેના પર આધારીત હતો. વિશાળ ગોદીનો ઉપયોગ કરીને વહાણ બનાવવામાં આવતા હતા. ઇ.સ.૧૭૩૬માં વહાણો બનાવવામાં લવજી નસરવાનજી વાડિયાનું નામ મોખરે હતુ. લવજી વાડિયા પહેલા ખુરશેદજી વાડિયાએ ૨૩ વહાણો બાંધ્યા હતા. ઇ.સ.૧૬૮૫માં આ કામમાં ૭૦૦૦થી ૮૦૦૦

[1] સુરત જિલ્લો, ચંદુભાઇ ઠક્કર – રમેશચંદ્ર ત્રિવેદી(સંપાદક) ગુજરાત: રાજ્ય સર્વસંગ્રહ, પૃ.૧૭૫.
[2] પટેલ એદલજી બરજોરજી, સુરતની તવારીખ,(સુરત-૧૯૭૦) પૃ.૧૧૫.
[3] Surat District, *Gujarat State Gazetteers*,(Gujarat State-1980) pp.168-69.
[4] પટેલ એદલજી બરજોરજી, સુરતની તવારીખ,(સુરત-૧૯૭૦) પૃ.૧૧૩.

માણસો રોકાયેલા હતા જેમા જહાજવાડાનાં કારીગરો મુખ્યત્વે પારસીઓ હતા અને મોટાભાગનાં હિંદુઓ હતા. એવી જ રીતે વહાણ માલિકોનો વિશાળ વર્ગ હતો. વહાણ માલિકો પોતાનાં અંગત વેપાર માટે તેમજ ભાડે આપવા માટે વહાણો રાખતા હતા. સુરતમાં વહાણ માલિકોમાં સૌથી મોટુ નામ અબ્દુલ ગફુરનું હતુ. તેના બે વહાણો : 'ગંજ-ઇ-સવાઇ' અને 'હુસૈની'નાં નામથી ઓળખાતા હતા. વહાણ માલિકોમાં અન્ય નામો પણ હતા; અહમદ ચલેબી જેની પાસે પોતાની માલિકીનાં ૫ વહાણ હતા. અન્ય એક હાજી જહીદ બેગ પણ હતા જેનાં 'સલામતી' અને 'મહમૂદી' નામના વહાણો વિદેશી સફર કરતા હતા. ખ્વાજા મિનાસ પાસે 'સેન્ટ મિચેલ' નામનું મોટુ વહાણ હતુ. તાપીદાસ પારેખ, હરિવૈશ્ય અને બેનીદાસ પણ વહાણ માલિક હતા અને અંગ્રેજોને વાહણો ભાડે આપતા હતા.[1] વહાણવટાની પ્રવૃત્તિ સુરતમાં મુખ્યરૂપે અમલમાં હતી તેમાં વિવિધ કોમનાં પ્રયોજકો રોકાયેલા હતા.

➢ **સમાપન** :

સુરત બંદર એક આંતરરાષ્ટ્રીય બંદર હતુ, ઇ.સ.૧૬૦૦-૧૭૫૦નો સમય તેનો સુવર્ણકાળ હતો. સુરતની ભવ્યતાનો ખ્યાલ વિદેશથી આવેલા પ્રવાસીઓનાં વર્ણનો પરથી મળે છે. આવી મહત્તા ધરાવતા સુરત બંદરનું પતન થયુ તેની પાછળ વિભિન્ન પરિબળોમાં રાજકીય અવ્યવસ્થા ઉપરાંત વહીવટી કારણ, વધતી જતી દાણચોરી, મુંબઇ અને કલકત્તા જેવા બંદરોનો ઉદ્‌ભવ, ખામી ભરેલી બાદશાહી નીતિ જવાદાર હતા. ઉપરાંત પર્યાવરણીય પરિબળ પણ એટલુજ અગત્યનું હતુ, કોઇ પણ બંદર કાયમ માટે બંદર તરીકે ટકી શકતુ નથી. સુરત બંદરનો ઉદ્‌ભવ પર્યાવરણનાં ભાગ રૂપે ભૌગોલિક સ્થાનને લીધે થયો હતો તેજ પર્યાવરણીય પરિબળ તેના પતન માટે કારણ બન્યુ. ખણીની ઉડાઇ ધીરે ધીરે તાપી નદીનાં પ્રવાહનાં કાંપ સાથે પુરાવા લાગી હતી. યુરોપીય તથા ભારતીય વેપારીઓની વેપાર કરવાની તકનિક જોઇ એક બીજાનું અનુકરણ કરતા. ૧૮મી સદીનાં અંત ભાગ સુધીમાં અંગ્રેજોની સુરતમાં સત્તા ઉતરોત્તર વધતી ગઇ. અંગ્રેજોની વધતી જતી રાજકીય સત્તા તથા લશ્કરી તાકાતનાં લીધે સુરત અને ગુજરાતનાં વેપારીઓ દરિયાઇ વેપાર ખેડતા ગભરાતા હતા. મા એટલુ જ નહીં પણ આ સમયે તેઓ હુન્નર ઉધોગ અને વ્યાપારમાં તેમની મૂડીનું રોકાણ કરતા ગભરાતા હતા. જ્હોન ગ્રોસ નામના મુસાફરે ઇ.સ.૧૬૬૬માં નોંધ્યુ છે કે સત્તા માટેનાં આંતરિક કલહને લીધે સુરત અધોગતીને માર્ગે જઇ રહયુ હતું. આમ ઘણાં પરિબળોને લીધે સુરત બંદરનો અસ્ત થયો. સુરત બંદરનો અસ્ત થવાની સાથે ત્યાંનાં સમુદ્રી પ્રયોજકો, સમુદ્રી વેપારીઓ, વહાણ બનાવનાર, વહાણ માલિકો, સમુદ્રી વિસ્થાપિતો વગેરે અન્ય સૌરાષ્ટ્ર અને દક્ષિણનાં બંદરો તરફ વળ્યા અને પોતાની સામુદ્રિક પ્રવૃત્તિને ચાલુ રાખી હતી. અંતમાં કવિ નર્મદની પંક્તિથી લેખ સમાપ્ત કરીશુ.

"આ તે શાં તુજ હાલ, સુરત સોનાની મુરત !
થયા પુરા બેહાલ, સૂરત તુજ રડતી સુરત ? "

[1] Gokhale B.G., *Surat in the Seventeenth Century*,(Mumbai, 1979) pp. 119-126.

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

ऐशियाटिक शेर(Asiatic Lion) पर ग्लोबल वोर्मिंग का प्रभाव

- हान्डा विरजीभाई आर॰
बी॰ऐ॰, ऐम॰ऐ॰, बी॰ ऐड॰ (भूगोल)
व्याख्याता
श्री सौरभ आर्टस कोलेज- क्सिणवेल

प्रस्ताविक

ऐशियाटिक शेर बिल्ली कुल का सबसे बडा और शक्तिशाली विडाल प्राणी है। कहानियों में जंगल का राजा कहलाने वाला यह जानवर प्राचिनकाल से ही सबसे अधिक जाना-पहचाना जंगली प्राणी रहा है, अब यह मुख्यतः पूरे विश्व में अफ्रीका में सहारा के दक्षिणी क्षेत्र और एशियाई नस्ल में कुछ सौ 'शेर' भारत के गुजरात राज्य के जुनागढ और अमरेली जिल्लों में स्थित 'गीर राष्ट्रीय उद्यान ' और उसके आस-पास के जंगल विस्तार के क्षेत्रों में ही कडे संरक्षण में पाया जाता है। शेरों के पसंदीदा पर्यावासों में घास के खुल्ले मैदान है। कैद में शेरों का अन्य विडालों के साथ प्रजनन कराया जाता है। शेर और मादा बाघ के वर्णसंकर को टाइगर कहते है जबकी बाघ और मादा शेरनी से टाइअगोन और तेंदूए और मादा शेरनी से लिओपोन पैदा होते है। अमरीकन मैक्सिकी या पहाडी शेर फेलिसी जाति के नई दूनिया के सदश्य है।[१] ऐशियाटिक शेर भारत में दिखाई देती पाँच बडी बिल्लीयों में से एक है, और भारत के सभी मांसाहारी प्राणियों में सब से ताकतवर और आकर्षक प्राणि भी है। अन्य चार प्रजातियों में बेंगोल टाइगर, भारतीय- तेंदूआ (Indian Clouded), बर्फ का तेंदूआ (Clouded Snow Leopard) और धब्बेदार तेंदूआ(Clouded Leopard) समाविष्ठ है।

- शेर के संवननकाल में ग्लोबल वोर्मिंग का प्रभावः

सामान्यतः वर्षाकाल में ही संवननकाल भूगत ने वाले गीर और उसके आस-पास के जंगल विस्तारों में विहरने वाले एशियाटिक शेरों पर भी जाने ग्लोबल वोर्मिंग का प्रभाव दिखाई देने लगा हो इस प्रकार वह भी बारह महीनों संवननकाल भुगत रहे है। संवनन के दौरान नर शेर (केसरी) आक्रामक मुड में होता है। इसिलीए सामान्य खलेल या विक्षेप पडने पर भी यह विपक्ष पर हमला मोड देता है। इसीलिए ही संवनन काल में खलेल पहुँचाने वाले शेरों के बच्चों इसके बार-बार शिकार बनते रहे है तब मानव की तो क्या विसात? उदाहरणार्थः दिनाकः 18 अप्रैल 2012 के दिन धोलाद्री गाँव के एक युवा को शेर युगल के संवनन में (मेटिंग) में खलेल पहूँचाने के कारण शेरों ने फाड डाला था।[२]

सामान्यतः लोगों में शेरों की चर्चा जब भी आए तब शेरों के संवनन की बात भी अवश्य होती है। गीर और उसके आस-पास के लोगों में सामान्यतः ऐसी समज है की, मात्र वर्षाकाल में ही शेर युगलों का मेटिंग (संवनन) पिरियड होता है। महद् अँशे लोगों की यह समज ठीक है। लेकिन, अब ऐसा नहीं रहा। शेर युगल के मेटिंग पिरियड के बारे में वन तन्त्र के जानकार सूत्रों का कहेना है की शेर युगल पर भी ग्लोबल वोर्मिंग का प्रभाव हो रहा है।

सामान्यतः वषाऋतु की उष्ण और शीत ऋतु में शेर युगलों संवनन करते है। उसमें कोई मानवीय खलेल या विक्षेप न हो इस कारण गीर जंगल विस्तार में वर्षाऋतु में 15 जून से 14 अक्तुबर तक के चार मास का वेकेशन रखा जाता है। लेकिन वन्य प्राणीयों पर हो रहे ग्लोबल वोर्मिंग प्रभाव के

कारण शेर युगलों को शीत, ग्रीष्म या वर्षा कोई भी ऋतु मुश्किल नही रही है। कभी भी गीर में से शेर युगलों के संवनन के समाचार आते रहते है।

उपसंहारः-

इसी प्रकार शेरों के संवननकाल के अलावा समय के पहले या समय के बाद बड़बेरी के पेड़ पर बेर आना, नीमवृक्ष के पेड़ पर मुकुर आना, जामुन के पेड़ पर जामुन के फल पकना अदि के समय काल में परिवतन से साबित होता है की आजकल ग्लोबल वोर्मिंग का प्रभाव मानव के साथ-साथ वनस्पत्ति और प्राणीओं पर भी कुछ ज्यादा ही दिखाइ देने लगा है।

१ www.googale.com Indian Dcsiovery

२ स्थानिक वर्तमानपत्र 'संदेश' दिः-१९ अप्रैल 2012- पाना नंबर- 12

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

પાણિનીય કારકસૂત્રો ઉપરનાં વાર્તિકો : એક સમીક્ષા

- પ્રા. નવઘણસિંહ બી. વાઘેલા
શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,
શંખેશ્વર.તા. સમી, જિ. પાટણ, (ઉ.ગુ.)

મહર્ષિ પાણિનિએ ઈ.સ. પૂર્વે ૫૦૦-૪૦૦ ની વચ્ચેના ગાળામાં વેદની અને લોકની સંસ્કૃત ભાષાનું એક સંપૂર્ણ અને દોષરહિત એવું વ્યાકરણ રચ્યું છે. આ વ્યાકરણગ્રંથનું નામ 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ છે. પાણિનિએ સૂત્રશૈલીમાં લગભગ ૪,૦૦૦ સૂત્રોમાં 'અષ્ટાધ્યાયી' વ્યાકરણની રચના કરી. પાણિનિએ શરૂ કરેલી ભવ્ય વ્યાકરણ પરંપરામાં પાણિનિ પછી લગભગ ૧૫૦-૨૦૦ વર્ષ બાદ થયેલા વાર્તિકકાર કાત્યાયનનું નામ અગ્રક્રમમાં મૂકી શકાય. પાણિનિએ ભાષાને ચુસ્ત રાખતા નિયમો બનાવ્યા હતા, આમ છતાં ભાષામાં પરિવર્તન આવવું અનિવાર્ય હોઈ, ભાષામાં કેટલાક નવા પ્રયોગો અજાણતાં પ્રવેશ્યા હતા. સૂત્રકાર પાણિનિ પછી થયેલા કાત્યાયને આ પરિવર્તન જોયું. એને આધારે એમણે પાણિનિએ એમનાં સૂત્રોમાં જે કંઈ કહ્યું હતું તેનો પણ વિચાર કર્યો અને સૂત્રોમાં ઘટતા સુધારાવધારા કરતાં વાર્તિકો લખ્યાં.

उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।
तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः ॥[૧]

એવા લક્ષણ અનુસાર પાણિનિનાં સૂત્રોમાં જે કહેવાયું (उक्त) હતું, તેને વિશદ કરતાં કેટલાંક વાર્તિકો તેમણે રચ્યાં છે, પછી પાણિનિના સૂત્રોમાં જે નહીં કહેવાયેલું (अनुक्त) હતું - ભાષાના નવાં પરિવર્તનો - તેને સમાવિષ્ટ કરતાં વાર્તિકો રચ્યાં છે. તથા પાણિનિના સૂત્રોમાં જે દુષિત કહેવાયેલું (दुरुक्त) હતું તેને સુધારવા માટે પણ વાર્તિક રચ્યાં છે. મહર્ષિ પાણિનિએ કારક જેવા અતિવિશાળ અને મહત્ત્વના વિષયને માત્ર તેત્રીસ સૂત્રોમાં સુનિયંત્રિત કર્યો છે અને તેનો પ્રભાવ તે પછીનાં અનેક વ્યાકરણો અને સાહિત્યમાં વપરાતી પ્રશિષ્ટ સંસ્કૃત ભાષા ઉપર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આમ છતાં સૂત્ર શૈલીમાં સ્વીકારાતા અત્યન્ત લાઘવમાં છૂપાયેલા કેટલાક ગૂઢ આશયોનું સમયાન્તરે સ્પષ્ટીકરણ આવશ્યક પ્રતીત થયું હોવાથી પાણિનીય 'અષ્ટાધ્યાયી'ના આ તેત્રીસ કારક સૂત્રો ઉપર કેટલાક વાર્તિકો પણ રચાયાં છે.

સામાન્ય રીતે મૂળ ગ્રંથમાં સૂચિત બાબતનો વિસ્તાર સૂચવવો, ત્યાં ઊભી થતી શંકાઓનું સમાધાન કરવું; મૂળ ગ્રંથનાં તાત્પર્યનો સ્પર્શ થાય તેવું સ્પષ્ટીકરણ આપવું ઇત્યાદિ વાર્તિકના પ્રાથમિક કાર્યો છે. જે આપણે ઉપરની કારિકામાં જોયું. પ્રાપ્ત થતા અનેક પ્રમાણોને આધારે જણાય છે કે અષ્ટાધ્યાયી ઉપર અનેક આચાર્યોએ વાર્તિકોની રચના કરી છે, પતંજલિના મહાભાષ્યમાં अपर आहुः, अन्ये तु, अपर आह ઇત્યાદિ શબ્દો દ્વારા કહેવામાં આવેલા વાર્તિકો આનું સમર્થન કરે છે. એટલું જ નહીં, પતંજલિએ પોતાના ભાષ્યમાં

કેટલાક વાર્તિકોની પ્રસિદ્ધિ વધારે થઈ છે અને તેથી વાર્તિકકાર તરીકે મુખ્ય રીતે તો કાત્યાયનને જ યાદ કરવામાં આવે છે.

પાણિનિના અષ્ટાધ્યાયી ઉપરના વાર્તિકોનો કોઈ સ્વતંત્ર સટીક પાઠ આજસુધી પ્રાપ્ત થયો જણાતો નથી. વાર્તિકોના સૌ પ્રથમ દર્શન આપણને પતંજલિના 'મહાભાષ્ય'માં થાય છે. તે પછી કાશિકા વગેરે વૃત્તિગ્રંથોમાં અને ત્યારબાદ અનેક પ્રક્રિયા ગ્રંથોમાં આ વાર્તિકો સચવાયાં છે. આમાં મહાભાષ્યમાં મળતાં વાર્તિકો કરતાં તે પછીના ગ્રંથોમાં મળતાં વાર્તિકોની સંખ્યા ઘણી ઓછી છે. આનું કારણ તે તો ગ્રંથોની એક પ્રકારની મર્યાદા જ સમજવી જોઈએ. મહાભાષ્યમાં અષ્ટાધ્યાયીમાંની કારકવ્યવસ્થાના કુલ તેત્રીસ સૂત્રો ઉપર નજર નાંખતાં દશ સૂત્રો ઉપર કુલ એકતાલીસ વાર્તિકો પ્રાપ્ત થાય છે, જેમાં આપણે કારકસૂત્રો ઉપરનાં કેટલાક 'અનુક્ત' વાર્તિકોની સમીક્ષા કરીશું.

वा. (क) जुगुप्साविरामप्रमादार्थानामुपसंख्यानम् ॥[२]

વાર્તિકાર્થ :- જુગુપ્સા, વિરામ, પ્રમાદ અર્થ છે જેનો, તેની ઉપસંખ્યાન કરવી જોઈએ.

ભાષ્યકાર :- જુગુપ્સા (=નિન્દા), વિરામ (=અટકવું), પ્રમાદ અર્થ છે જેનો, તેની (અપાદાન સંજ્ઞામાં) ઉપસંખ્યાન કરવી જોઈએ. *जुगुप्सा - अधर्माज्जुगुप्सते, अधर्माद् बीभत्से । विराम - धर्माद् विरमति, धर्मान्निवर्तते । प्रमाद - धर्माद् प्रमाद्यति, धर्मान्मुह्यति ।*

આનું પણ ઉપસંખ્યાન કરવું જોઈએ - **साकाङ्क्षेभ्यः पाटलिपुत्रकाः । अभिरूपतराः ।**

વિશેષ :- અપાય નામ સંશ્લેષપૂર્વક વિશ્લેષનું છે. આ પ્રકારનું અપાય ઉક્ત પ્રયોગમાં ન હોવાથી અપાદાન સંજ્ઞા પ્રાપ્ત નહીં થાય. એના અભાવમાં षष्ठी शेषे (૨।૩।૫૦) થી ષષ્ઠીની પ્રાપ્તિ થશે. *साकाङ्क्षेभ्यः* - અહીં *पञ्चमी विभक्ते* (૨।૩।૪૨) થી પંચમી થશે. એની અપેક્ષા ન કરીને અહીં ઉપસંખ્યાન કહ્યું છે.

वा. (ख) गतियुक्तेष्वपादानसंज्ञा नोपपद्यतेऽध्रुवत्वात् ॥[३]

વાર્તિકાર્થ :- ગતિથી યુક્તમાં અપાદાન સંજ્ઞા ઉત્પન્ન થતી નથી, અધ્રુવ હોવાથી.

ભાષ્યકાર :- ગતિથી યુક્તમાં અપાદાન સંજ્ઞા ઉત્પન્ન થતી નથી. *अश्वात् त्रस्तात् पतितः ।* (=પીડાથી ચંચળ અશ્વ પરથી પડ્યો), *रथात् प्रवीतात् पतितः ।* (=દોડતા રથમાંથી પડ્યો), *सार्थाद् गच्छतो हीनः ।* (=જતા સાર્થથી છૂટો પડી ગયો), શું કારણ છે ? અધ્રુવ હોવાથી અર્થાત્ ધ્રુવની અપાદાન સંજ્ઞા કહી છે. (અહીં રથ, અશ્વ અને સાર્થ ગતિયુક્ત હોવાથી અધ્રુવ છે.)

वा. (ग) न वाऽध्रौव्यस्याऽविवक्षितत्वात् ॥[४]

વાર્તિકાર્થ :- આ દોષ નથી, અધ્રુવતાની અવિવક્ષા હોવાથી.

ભાષ્યકાર :- આ દોષ નથી. શું કારણ છે ? અધ્રુવતાની વિવક્ષા ન હોવાથી. અહીં (રથાદિની) અધ્રુવતાની વિવક્ષા નથી. તો શું (વિવક્ષિત) છે ? ધ્રુવતા । અહીં *अश्वात्*

---

१. *पराशर उपपुराणः अ. ७ ॥*

२. *पातञ्जल - महाभाष्यम्, पृष्ठ - ४६७ ॥*

त्रस्तात् पतितः માં *अश्व*માં જો *अश्व*તા આશુગામિતા છે તો જ ધ્રુવ છે, તે ત્યાં વિવક્ષિત છે. *रथात् प्रवीतात् पतितः* માં *रथ*માં જે *रथ*ત્વ = 'જેમાં *रमण* કરે છે તે *रथ*' તે ધ્રુવ છે, તે જ અહીં વિવક્ષિત છે. *सार्थाद् गच्छतो हीनः* માં જે *सार्थ*ત્વ = સહજપ્રયોજનરૂપ ભાવ તે ધ્રુવ છે, તે અહીં વિવક્ષિત છે.

વિશેષ :- કૈયટે દોડતા *अश्व*ની ધ્રુવતા દર્શાવવા માટે અનેક પ્રકારે વ્યાખ્યાન કર્યું છે. પણ તે પ્રાયઃ ક્લિષ્ટકલ્પનમાત્ર છે. નાગેશભટ્ટ પણ તેનાથી સહમત નથી. નાગેશે ભાષ્યાક્ષરાનુસારી અર્થ આ પ્રમાણે દર્શાવ્યો છે - *अश्व*માં જે *अश्व*ત્વ છે, તે ધ્રુવ છે, તે જ અહીં વિવક્ષિત છે. *अश्व*ના દોડતા જો એમાં અધ્રુવતા છે તે વિવક્ષિત નથી. આનો ભાવ એ છે કે પ્રત્યેક વસ્તુનું જે સ્વરૂપ છે, દા.ત. *अश्व*નું *अश्व*ત્વ, તે બધી અવસ્થાઓમાં વિદ્યમાન રહે છે. એ પછી *अश्व* ઉભો હોય કે દોડતો હોય. એમાં જે અધ્રુવતા છે તે નૈમિત્તિક હોવાથી અપ્રધાન છે. આ જ પ્રમાણ અન્ય ઉદાહરણોમાં સમજવું જોઈએ.

(२) कर्तुरीप्सिततमं कर्म ॥ पा. १।४।४९॥

वा. (क) ईप्सितस्य कर्मसंज्ञायां निर्वृत्तस्य कारकत्वे कर्मसंज्ञाप्रसङ्गः क्रियेप्सितत्वात् ॥[५]

વાર્તિકાર્થ :- ઈપ્સિતની કર્મસંજ્ઞામાં નિવૃત્તિ (=સિદ્ધ પદાર્થો)નાં કારકત્વમાં કર્મસંજ્ઞાની પ્રાપ્તિ થતી નથી, ક્રિયાના ઈપ્સિત હોવાથી.

ભાષ્યકાર :- ઈપ્સિતની કર્મસંજ્ઞામાં નિવૃત્તિ (=સિદ્ધ પદાર્થ)નાં કારકત્વમાં કર્મસંજ્ઞાની પ્રાપ્તિ થતી નથી, *गुडं भक्षयति* । શું કારણ છે ? ક્રિયાના ઈપ્સિત હોવાથી. તેની ક્રિયા ઈપ્સિત છે. (ગુંડ નહીં).

વિશેષ :- વાર્તિકમાં ઈપ્સિત શબ્દનો ઈપ્સિતતમ અર્થ સમજવો જોઈએ, કેમ કે વિશેષમાં સામાન્ય વર્તમાન હોય છે. *'निर्वृत्तस्य कारकत्वे'* નો ભાવ એ છે કે જ્યાં ક્રિયા દ્વારા કર્મની નિષ્પત્તિ થાય છે, તે એને ઈપ્સિત હોવાથી તેની કર્મસંજ્ઞા થાય છે. ઉ.દા. *कटं करोति* = સાદડી બનાવે છે. વણવારૂપી ક્રિયાથી *कट* = સાદડીરૂપ દ્રવ્યની નિષ્પત્તિ ઈપ્સિત છે. અતઃ અહીં તો કર્મસંજ્ઞા થશે. પરંતુ *गुडं भक्षयति* માં ભક્ષણ ક્રિયાથી ગોળની નિષ્પત્તિ ઈપ્સિત નથી, કેમ કે ગોળ તો પહેલાથી નિષ્પન્ન દ્રવ્ય છે. એટલા માટે *गुडं भक्षयति* । માં ગોળ નિષ્પાદન ઈપ્સિત ન હોવા છતાં ભક્ષણ ક્રિયા અહીં ઈપ્સિત છે. આથી ગોળની કર્મસંજ્ઞા પ્રાપ્ત નહીં થાય.

वा. (ख) न वोभयेप्सितत्वात् ॥[६]

વાર્તિકાર્થ :- દોષ નથી, બંનેનાં ઈપ્સિત હોવાથી.

ભાષ્યકાર :- આ દોષ નથી. શું કારણ છે ? બંનેનાં ઈપ્સિત હોવાથી. બંને (=ગોળ અને ભક્ષણ ક્રિયા) તેના ઈપ્સિત છે. ચોક્કસપણે (બંને) ઈપ્સિત છે. ગોળના ભક્ષણમાં જેની બુદ્ધિ આસક્ત બને છે, તે (માટીનું) ઢેફું ખાઈને કૃતાર્થ નથી બનતો.

(३) स्वतन्त्रः कर्ता ॥ पा. १।४।५४॥

---

३. *तत्रैव, पृष्ठ - ४६९ ॥*

४. *तत्रैव, पृष्ठ - ४६९ ॥*

वा. (क) स्वतन्त्रस्य कर्तृसंज्ञायां हेतुमत्युपसंख्यानमस्वतन्त्रत्वात् ॥[७]

वार्तिकार्थ : *સ્વતંત્રની 'કર્તૃ' સંજ્ઞામાં હેતુમદ્ના વિષયમાં ઉપસંખ્યાન કરવી જોઈએ, અસ્વતન્ત્ર હોવાથી.*

ભાષ્યકાર :- *સ્વતન્ત્રની 'કર્તૃ' સંજ્ઞા કહેવાથી હેતુમત્ (=પ્રયોજ્ય) ના વિષયમાં ઉપસંખ્યાન કરવી જોઈએ. पाचयत्योदनं देवदत्तो यज्ञदत्तेन । શું કારણ છે કે (હેતુમત્ સિદ્ધ નથી થતી ? (હેતુમદ્ના) અસ્વતન્ત્ર હોવાથી (પ્રયોજ્ય પ્રયોજકના દ્વારા પ્રેરિત થઈને ક્રિયા કરે છે, આથી તે અસ્વતન્ત્ર છે.)*

वा. (ख) न वा स्वातन्त्र्यादितरथा ह्यकु र्वत्यपि कारयतीति स्यात् ॥[८]

વાર્તિકાર્થ :- *આ દોષ નથી, સ્વતંત્ર હોવાથી, અન્યથા ન કરવા છતાં પણ कारयतिનો પ્રયોગ થાય.*

ભાષ્યકાર :- *(ઉપસંખ્યાન) ન કરવું જોઈએ. શું કારણ છે ? સ્વતન્ત્ર હોવાથી. (પ્રયોજ્યનું પ્રયોજક દ્વારા પ્રેરિત હોવાથી) તે (ક્રિયાના કરવામાં) સ્વતન્ત્ર હોય છે. અન્યથા (=એવું ન માનવામાં આવે તો) જે કામ નથી કરી રહ્યો, એમાં પણ कारयति (=પ્રયોજક ક્રિયા) નો પ્રયોગ થાય. જે એમ માને છે કે (પ્રયોજ્ય) સ્વતન્ત્ર નથી. (તેના પ્રેરિત હોવાથી પણ) જે કામ નથી કરી રહ્યો, તેમાં कारयति પ્રયોગ થાય. (પરંતુ પ્રેરિત થયા પછી પણ જે ક્રિયા નથી કરતા તેના વિષયમાં પ્રયોજક ક્રિયા = हेतुमण्यन्तનો પ્રયોગ નહીં થાય.)*

वा. (ग) नाऽकु र्वतीति चेत्स्वतन्त्रः ॥[९]

વાર્તિકાર્થ :- *ન કરવાવાળામાં ('कारयति' નો પ્રયોગ) થતો નથી તો તે (=પ્રયોજ્ય) સ્વતન્ત્ર જ છે.*

ભાષ્યકાર :- *(પ્રેરિત થઈને પણ ક્રિયા) ન કરવાવાળામાં 'कारयति'નો પ્રયોગ થતો નથી તો તે (=પ્રયોજ્ય પણ) સ્વતન્ત્ર જ છે.*

તો શું ઉપસંખ્યાન કરતાં તેના દ્વારા પણ એ કહેવું શક્ય છે કે (પ્રયોજ્ય) કરવામાં, ન કરવામાં સ્વતન્ત્ર છે ? જ્ઞાપક (=અનુમાપક હેતુ) ઠીક છે. પ્રેષિત (=પ્રેરણા આપેલ વ્યક્તિ)માં પણ આ (=ઉપસંખ્યાનવાદી) ક્રિયા અને અક્રિયાને જોઈને નિશ્ચય કરે છે કે (પ્રયોજ્ય) કરવા - ન કરવામાં સ્વતન્ત્ર છે. જે પ્રેષિત હોવા છતાં પણ કર્મ નથી કરતો તો તે સ્વતન્ત્ર છે.

વિશેષ :- *સંસારમાં બધા જ પ્રાણી પોતાના લાભ માટે જ પ્રવૃત્તિ થાય છે. કોઈપણ ''બીજી પર અનુગ્રહ કરવો છે'' એવી દૃષ્ટિથી કાર્યમાં પ્રવૃત્ત થતો નથી. આ સામાન્ય સિદ્ધાન્ત છે (સાધુજનોની વાત અલગ છે). એટલા માટે બીજાથી કોઈ કામમાં પ્રેરિત થવા*

---

૫. तत्रैव, पृष्ठ - ४८८ ॥

६. तत्रैव, पृष्ठ - ४८८ ॥

७. तत्रैव, पृष्ठ - ५०७ ॥

પર પણ પ્રયોજ્ય વ્યક્તિ તે કર્મમાં પોતાનો સ્વાર્થ જોવે છે. માટે તે ક્રિયાને કરે છે, જો સ્વાર્થ સિદ્ધ થતો ન જોવે તો તે નથી કરતો.

આમ, ઉપર્યુક્ત વાર્તિકો ઉપરાંત કારક પ્રકરણના અન્ય સૂત્ર ઉપર મહાભાષ્યમાં નીચે પ્રમાણેનાં સંભવિત 'અનુક્ત' વાર્તિકો મળી આવે છે. જેમ કે -

(૪) कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् ॥ पा. १।४।३२॥

वा. (क) क्रियाग्रहणम् ॥

(ख) कर्मणः करणसंज्ञा संप्रदानस्य च कर्मसंज्ञा ॥

વાર્તિકાર્થ : જો કે ઉપર્યુક્ત આ બંને વાર્તિકો માટે વ્યાકરણ જગતમાં કોઈ એક નિશ્ચિત મત નથી. ડૉ. કીલહોર્ન જેવા મહાભાષ્યના વિદ્વાન્ સંપાદકે આ વાક્યોને વાર્તિક તરીકે નહીં, પણ ભાષ્યના અંશ તરીકે મુદ્રિત કર્યા છે.[૧૦] તો કેટલાક અન્ય સંપાદકો, જેવાં કે પંડિત શિવદત્ત (ભાગ-૨, આવૃત્તિ-૨ મુંબઈ, સન્-૧૯૩૫), પંડિત યુધિષ્ઠિર મીમાંસક (ભાગ-૨, બહાલગઢ, સોનીપત, સંવત્-૨૦૨૯) વગેરે પોતે તૈયાર કરેલ સંસ્કરણમાં આ વાક્યોને વાર્તિક તરીકે રજૂ કરે છે. આ સ્થિતિમાં પ્રાચીન આચાર્યોના આશ્રયથી વિચારતાં આ વાક્યો અંગે પાણિનીય પરંપરામાં વિવિધ મતો દેખાય છે. જેમ કે -

(૧) ૪ (ક) વાક્યનો ભટ્ટોજીએ શબ્દકૌસ્તુભમાં સ્પષ્ટ રીતે જ વાર્તિક તરીકે ઉલ્લેખ કર્યો છે.[૧૧] આ ઉપરાંત કાશિકાવૃત્તિ અને તે પછીના ગ્રંથોમાં પણ આ વાર્તિક તરીકે જ પ્રસિદ્ધ છે.

(૨) ૪ (ખ) ને પણ કાશિકા તથા તે પછીના પ્રક્રિયાકૌમુદી, સિદ્ધાન્તકૌમુદી જેવા ગ્રંથોમાં વાર્તિક તરીકે ખ્યાતિ પ્રાપ્ત થઈ છે.

મહાભાષ્યમાં ઉદ્ધૃત થયેલાં વાર્તિકોમાં તે પછીના અનેક આચાર્યોએ શાબ્દિક પરિવર્તન કર્યા છે. જેમ કે મહાભાષ્યમાં आदिखादिनीवहीनां प्रतिषेधः । એ સ્વરૂપમાં ઉદ્ધૃત વાર્તિકને કાશિકાકાર અને તે પછીના અનેક આચાર્યોએ બે ભાગમાં વહેંચી જુદાં-જુદાં બે વાર્તિકોનું સ્વરૂપ આપ્યું છે. આમાં પણ કાશિકાવૃત્તિ તથા શબ્દકૌસ્તુભ વગેરેના પાઠ[૧૨] કરતાં પ્રક્રિયાકૌમુદી અને સિદ્ધાન્તકૌમુદીના પાઠમાં[૧૩] શાબ્દિક તફાવત થયો છે. ભાષાવૃત્તિમાં પ્રાયઃ કાશિકાનો પાઠ જોવા મળે છે. આ પછી જો કે ૨ (ક), ૪ (ક અને ખ) વગેરે વાર્તિકોના પાણિનીય પરંપરામાં શાબ્દિક પાઠાન્તર જોવા મળે છે, છતાં તે નહીવત્ હોવાથી કોઈ ખાસ મહત્ત્વનાં નથી.

આમ, પાણિનીય કારકસૂત્રો ઉપરના કેટલાક સૂત્રોમાં જે (अनुक्त) કહેવાયુ ન હતું, તેમાં - ભાષાના નવાં પરિવર્તનોને - સમાવિષ્ટ કરતાં કેટલાક ઉપર્યુક્ત વાર્તિકો કાત્યાયને લખ્યા છે.

---

૮. तत्रैव, पृष्ठ - ૫૦૭ ॥

૯. तत्रैव, पृष्ठ - ૫૦૮ ॥

૧૦. દ્રષ્ટવ્ય : તેમણે સંપાદિત મહાભાષ્ય, ભાગ-૧, આવૃત્તિ-૨, સન્ ૧૮૯૨, મુંબઈ, તથા વાસુદેવ શાસ્ત્રી અભ્યંકર સંપાદિત મરાઠી ભાષાન્તર સાથે, ભાગ-૨, શક-૧૮૬૩.

૧૧. अत्र वार्तिकम् - "क्रियाग्रहणं कर्तव्यम्" । - श.कौ., पृ. १२१ ॥

૧૨. द्रष्टव्य - गत्यर्थेषु नीवह्योः प्रतिषेधो वक्तव्यः । आदिखाद्योः प्रतिषेधो वक्तव्यः । - का.वृ. १.४.५२ ॥

૧૩. द्रष्टव्य - नीवह्योर्न । आदिखाद्योर्न । - प्र.कौ. तथा सि.कौ. १.४.५२ ॥

અનુશીલિત ગ્રંથસૂચિ

(१) पातञ्जल - महाभाष्यम्. - हिन्दी अनु. सं. युधिष्ठिर मीमांसक, बहालगढ (सोनीपत), संवत-२०२९ सन्-१९७३, (भा-२), प्रथम संस्करण ।

(२) शब्दकौस्तुभः - (भाग-२) सं. गोपाल शास्त्री, वाराणसी, संवत् - १९८५

(३) काशिकावृत्तिः - (न्यास - पदमञ्जरी सहिता) सं. द्वारिकादास शास्त्री एवं पं. कालिकाप्रसाद शुक्लः वाराणसी, सन् - १९६५ (भाग-१,२)

(४) प्रक्रियाकौमुदी - (प्रक्रियाप्रसादसहिता) सं. कमलाशंकर प्राणशंकर त्रिवेदी, पूना, सन् - १९२५

(५) सिद्धान्तकौमुदी - (कारक प्रकरणम्) हिन्दी अनु. श्रीधरानन्द घिलियाल, दिल्ली, सन् - १९६२
हिन्दी अनु. पं. श्री बालकृष्ण पंचोली, वाराणसी, सन् - १९६९, हिन्दी अनु. श्री उमेशचन्द्र पाण्डेय, वाराणसी, पंचम संस्करण, सन् - १९८०

http://www.shantiejournal.com/

સંસ્કૃત સાહિત્ય અને નારી

- વાજા વિનુ પી.
એમ.એ., એમ.ફીલ.
વ્યાખ્યાતા, શ્રી સૌરભ આર્ટસ કોલેજ –વિસણવેલ (ગડુ)

:: પ્રસ્તાવના ::

ભારતીયસંસ્કૃતિ માં સ્ત્રી–પુરૂષ એકબીજાના પ્રતિયોગી નહિ પરંતુ એકબીજાના પૂરક છે. એજ કારણ છે કે ભારતીયસંસ્કૃતિ સ્ત્રીને પુરૂષની અર્ધાંગીની તરીકે ભારતીયસમાજ સ્વીકારે છે. અર્થાત આપણી અદ્ય અને અમૂલ્ય ભારતીયસંસ્કૃતિ કે જે વિશ્વની પ્રાચીન સંસ્કૃતિ છે તે તેના ઉદયકાળથી જ સ્ત્રીને પુરૂષ સમોવડી માને છે. આ તથ્યને સ્પષ્ટ કરતાં આદ્યકવિ કુલગુરૂ કાલિદાસ તેઓશ્રીના મહાકાવ્ય રઘુવંશના આરંભમાં મંગલાચરણ કરતાં લખે છે કે...

वागर्थाविव संपृक्तौ, वागर्थाप्रतिपतयो ।
जगतः पितरौ वन्दे, पार्वती परमेश्वरौ ।।[૧]

અહિ આદ્યકવિ કાલિદાસ દ્વારા કહેવાયું છ કે જેમ શબ્દ અને અર્થ એકબીજા સાથે જોડાયેલાં છે, જેમ સાહિત્યમાં શબ્દ વગર અર્થનું અને અર્થ વગર શબ્દનું કોઈ મહત્વ નથી તેવિજ રીતે ભગવાનશિવ અને માતાપાર્વતી એકબીજાના પૂરક અને અભેદ્ય છે, અવિનાભાવિન છે. આમ એકબીજાના અંગભૂત એવા પાર્વતીપરમેશ્વરને હું વંદન કરૂ છું. અર્થાત સમસ્ત બ્રમાંડની ઉત્પતિકાળથી જ હિન્દુસંસ્કૃતિ અને હિન્દુસંસ્કૃતિનાં ઋષિમુનિઓ, કવિઓ, મનુષ્યો વગેરે સ્ત્રીને માનવજીનનો અને સૃષ્ટિના અસ્તિત્વનો મૂળ આધાર માને છે. ભારતીયસમાજમાં નારી શબ્દનો સુન્દર અર્થ કરવામાં આવે છે– ન + અરી = નારી. અર્થાત ન એટલે નથી અને અરી એટલે શત્રુ , જે શત્રુ નથી તે – નારી. આમ ભારતીયસંસ્કૃતિમાં સ્ત્રી–નારીને પુજય અને આદરણીય માનવામાં આવે છે. ભારતીયસંસ્કૃતિનો મૂળ આધાર સંસ્કૃતસાહિત્ય–વેદોને માનવામાં આવે છે તો સંસ્કૃતસાહિત્યમાં નારી વિષેના ઉલ્લેખો અને તેમના સ્થાનની મહત્તા જોઈએ .

:: વિવિધ ઋષિઓના મંતવ્યો ::

સંસ્કૃતસાહિત્યમાં અત્ર તત્ર નારીશકિતના અમૃતમયવચનો પ્રાપ્ત થાય છે. કારણકે આપણા ભવ્ય અને દિવ્ય સાહિત્ય વારસાથી જ આપણા સમાજ જીવનના આદર્શો , મૂલ્યો અને પરંપરાઓ ની રચના થઈ હતી.

- **મનુસ્મૃતિ**

મનુસ્મૃતિકાર કહે છે કે સ્ત્રી અને પુરુષ વિરાટસ્વરૂપ પુરુષઅંગ ના બે વિભાગો છે.

- **રાજશેખર**

કાવ્યમીમાંસાકાર આચાર્ય રાજશેખર પણ સ્પષ્ટ પણે સ્ત્રી પુરુષને સમાન સ્વરૂપે સ્વીકારે છે.એમના મત અનુસાર આ સંસ્કાર આત્મામાં સમવાય સંબંધ રહેતો હોય છે. એટલે અહીં સ્ત્રી–પુરુષનું વિભાજન અપેક્ષીત નથી.[૩]

- **કાત્યાયન**

કાત્યાયન પણ શ્રૌતસૂત્રમાં સ્ત્રી પુરુષની સમાનતા ક્ષમતાને સમર્થન આપે છે. વાત્સ્યાયન ઋષિ એ પણ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતી કાવ્ય રચનાના સંકેતો આપ્યા છે.[૪]

- **વાત્સ્યાયન**

વાત્સ્યાન ઋષિએ પણ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતી કાવ્ય રચનાના સંકેતો આપ્યા છે. [૫]

- **પાણિનિ**

નારી હોવાના કારણે જ તેને પત્નિ પદ પ્રાપ્ત થઈ જાય છે. જેના કારણે તે પોતાના પતિ માટે કર્તવ્યનું ફળ પ્રાપ્ત કરી લે છે.[૬]

- **તૈતરીયબ્રાહ્મણ**

શાસ્ત્રીય વિધાનથી પુરુષ સંબંધ હોવાના કારણે જ સ્ત્રી વ્યકિત પત્નિ કહેવાય છે. પત્નિ પુરુષનું અડધુ અંગ સ્વરૂપ હોય છે.[૭]

- **શતપથબ્રાહ્મણ**

શતપથબ્રાહ્મણ અનુસાર પત્નિ લક્ષ્મીનું સ્વરૂપ હોય છે.[૮]

- **નિરૂકત**

નિરૂકતકાર અનુસાર પુરૂષો દ્વારા સન્માનિત હોવાને કારણે સ્ત્રીઓનું વૈદિક નામ મેના સ્થાપિત થયું હતું. [૯]

:: વૈદિક સાહિત્યમાં ઋષિકાઓ ::

વિશ્વનુ સૌથી પ્રાચીન જો કોઈ સાહિત્ય હોય તો તે વૈદિક સાહિત્ય છે. અને આ વૈદિક સાહિત્યનો પ્રથમ ગ્રંથ એટલે ઋગવેદ. ઋગવેદના અભ્યાસથી અધ્યયનથી માલૂમ પડે છે કે તે કાળમાં પણ તે સમયમાં પણ સ્ત્રી શિક્ષાનો પ્રથેષ્ટ પ્રચાર હતો. સ્ત્રીઓ કેવળ અભ્યાસ જ નહતી કરતી પરતું મન્ત્રોનું દર્શન પણ કરતી હતી. પુરુષ મન્ત્રદ્રષ્ટાને ઋષિ અને મન્ત્રદ્રષ્ટીને ઋષિકા કહેવામાં આવતી. આચાર્ય શૌનકે વૈદિકકાળની ૨૬ ઋષિકાઓનો ઉલ્લેખ કર્યો છે. હવે આપણે વૈ.સા.ની ઋષિકાઓના ફકત નામોલ્લેખ જોઈએ.

દેવસમ્રાજ્ઞી શચી
વાચકવી ગાર્ગી
બ્રહ્મવાદિની મમતા
બ્રહ્મવાદિની વિશ્વવારા
બ્રહ્મવાદિની અપાલા
બ્રહ્મવાદિની ઘોષા
બ્રહ્મવાદિની સૂર્યા
બ્રહ્મવાદિની વાક્

આમ, ઉપયુકત નામ વૈદિક ઋષિકાઓના છે. જે વેદકથાંકમાંથી પ્રાપ્ત થાય છે. [૧૦]

ઉપસંહાર

આમ જોતા એ સુવિધિત થાય છે કે સંસ્કૃત સાહિત્યની દ્રષ્ટ્રિ એ સ્ત્રી અને પુરુષમાં પ્રારમ્ભથીજ કોઈ ભેદ નથી. વૈદિકકાળમાં લૌકિક સંસ્કૃત કાળમાં અને આધુનિકકાળમાં સ્ત્રીઓ પુરુષની સમકક્ષ કાવ્યરચના કરવામાં સમર્થ છે. આમ સંસ્કૃત સાહિત્યને નજર સમક્ષ રાખતા સંસ્કૃત સાહિત્ય જગતમાં વિદુષિઓનું, કવિઓનું, સન્નારીઓનું અનેરુ આગવુ અને વિશિષ્ટ સ્થાન રહેલું છે. જે વર્તમાન સમયનાં માનવ જીવનને એક સુંદર પ્રેરણા આપે છે. જે સમાજનાં મૂળ મૂલ્યો ને પ્રદર્શિત કરે છે.

પાદ ટિપ્પણી :–

૧. રઘુવંશ, કાલિદાસ ૧/૧

૨. द्विधा कृत्वात्मनो वेहमर्धेन पुरूषोऽभवन ।
अर्धेन नारी तस्यां स विराजमसृजत्प्रभुः ।।
मनुस्मृति, १/३२

૩. કાવ્યમીમાંસા, રાજશેખર અ–૧૦ પૈ નં–૧૧૬

૪. શ્રૌતસૂત્ર, કાત્યાયાન, અ–૧, પૈ નં–૯

૫. કામસુત્ર, વાત્સ્યાયન, પ્રથમ અધિકરણ

૬. અષ્ટાધ્યાયી, પાણિનિ, ૪/૧/૩૩

૭. તૈતરીયબ્રાહ્મણ, ૩/૩/૫

૮. શતપથબ્રાહ્મણ, ૫/૨/૧/૧૦

૯. નિરૂકત, ૩/૪/૨૧

૧૦. બૃહદ દેવતા, ૨/૮૨–૮૪

અંદાજપત્ર ૨૦૧૩-૨૦૧૪ની કરવેરાની જોગવાઇઓ

- લાભુબેન હાજાભાઈ. ગોઢાણિયા
M.com., M.phil., Ph.D(continue….)

નાણામંત્રીશ્રી પી.ચીદમ્બરમે તા. ૨૮-૦૨-૨૦૧૩ના રોજ પાર્લમેન્ટમાં ૨૦૧૩-૧૪ના વર્ષ માટે રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટમાં કરવેરામાં કેટલીક રાહત આપવામાં આવી છે તો કેટલાક વેરાઓમાં વધારો કરવામાં આવ્યો છે. આમ એક હાથે દીધું છે તો બીજા હાથે લઇ લીધું આમ જોઇએ તો ૨૪૫ કરોડની રાહત આપી છે તો એની સામે ૨૮૯ કરોડનો કરબોજ નાખવામાં આવ્યો છે.

આવકવેરાના દરો

મૂલ્યવર્ધિત વેરો(વેટ)

આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ માટે આવકવેરાના દરો:

(૧) વ્યક્તિ, એચ.યુ.એફ, એ.ઓ.પી., બી.ઓ.આ.ઇ., આર્ટીફિશિયલ જ્યુરીડીકલ પર્સન વગેરે

આવક	વેરાનો દર
આવક રૂા. ૨,૦૦,૦૦૦ સુધી	શૂન્ય
રૂા. ૨,૦૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦	૧૦ %
રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦	૨૦ %
રૂા. ૧૦,૦૦,૦૦૧ થી ઉપરની આવક	૩૦ %

(૨) કરદાતા જેની ઉંમર ૬૦ વર્ષથી વધુ અને ૮૦ વર્ષથી ઓછી હોય તેમના માટે:

આવક	વેરાનો દર
આવક રૂા. ૨,૫૦,૦૦૦ સુધી	શૂન્ય
રૂા. ૨,૫૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦	૧૦ %
રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦	૨૦ %
રૂા. ૧૦,૦૦,૦૦૧ થી ઉપરની આવક	૩૦ %

(૩) કરદાતા જેની ઉંમર ૮૦ વર્ષ કે તેથી વધુ હોય તેમના માટે:

આવક	વેરાનો દર
આવક રૂા. ૫,૦૦,૦૦૦ સુધી	શૂન્ય
રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦	૨૦ %
રૂા. ૧૦,૦૦,૦૦૧ થી ઉપરની આવક	૩૦ %

આ વેરા પર કોઇ સરચાર્જ ભરવાનો રહેશે નહિ પરંતુ જો ઉપરોક્ત કરદાતાઓની આવક રૂા. ૧ કરોડથી વધુ હશે તો તેમના કેસમાં ૧૦ ટકાના દરે સરચાર્જ ભરવોનો રહેશે.

(૪) કો-ઓપરેટિવ સોસાયટીના કેસમાં:

આવક	વેરાનો દર
આવક રૂા. ૧૦,૦૦૦ સુધી	૧૦ %
રૂા. ૧૦,૦૦૧ થી રૂા. ૨૦,૦૦૦	૨૦ %
રૂા. ૨૦,૦૦૧ થી ઉપરની આવક	૩૦ %

ભરવાપાત્ર આવકવેરા પર કોઇ સરચાર્જ ભરવાનો રહેશે નહિ પરંતુ કો-ઓપરેટીવ સોસાયટીની આવક રૂા. ૧ કરોડથી વધુ હશે તો ૧૦ ટકાના દરે સરચાર્જ ભરવાનો રહેશે.

(૫) ભાગીદારી પેઢીના કેસમાં આવકવેરાનો દર જે અગાઉના વર્ષમાં હતો, તેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભાગીદારી પેઢીએ ૩૦ ટકાના દરે આવકવેરો ભરવાનો રહેશે તેમજ સરચાર્જ ભરવાનો રહેશે નહિ પરંતુ જો ભાગીદારી પેઢીની આવક રૂા. ૧ કરોડથી વધુ હશે તો તેમના કેસમાં ૧૦ ટકા ના દરે સરચાર્જ ભરવાનો રહેશે.

(૬) લોકલ ઓથોરિટીના કેસમાં આવકવેરાનો દર જે અગાઉના વર્ષમાં હતો. તેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. લોકલ ઓથોરિટીએ ૩૦ ટકાના દરે આવકવેરો ભરવાનો રહેશે તેમજ સરચાર્જ ભરવાનો રહેશે નહી. પરંતુ જો લોકલ ઓથોરિટીની આવક રૂા. ૧ કરોડથી વધુ હશે તો તેમના કેસમાં ૧૦ ટકાના દરે સરચાર્જ ભરવાનો રહેશે.

(૭) કંપનીના કેસમાં(ડોમેસ્ટિક કંપની કે ડોમેસ્ટીક કંપની સિવાયની કંપની) આવકવેરાનો દર જે અગાઉના વર્ષમાં હતો. તેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. કંપનીએ ૩૦ ટકાના દરે આવકવેરો ભરવાનો રહેશે. તેમજ સરચાર્જ ભરવાનો રહેશે. ડોમેસ્ટીક કંપનીની આવક રૂા. ૧૦ કરોડથી વધુ હશે તો ૧૦ ટકાના દરે સરચાર્જ ભરવાનો રહેશે.

ડોમેસ્ટિક કંપની સિવાયની કંપનીની આવક રૂા. ૧ કરોડથી વધુ પરંતુ રૂા. ૧૦ કરોડથી ઓછી હશે તો સરચાર્જ ૨ ટકાના દરે ભરવાનો રહેશે. ડોમેસ્ટિક કંપની સિવાયની કંપનીની આવક રૂા. ૧૦ કરોડથી વધુ હશે તો ૫ ટકાના દરે સરચાર્જ ભરવાનો રહેશે.

અન્ય કેસોમાં જેમાં કલમ-૧૧૫, ૧૧૫, ૧૧૫ વગેરેનો સમાવેશ થાય છે તેવા કેસોમાં સરચાર્જ ૧૦ ટકાના દરે ભરવાપાત્ર રહેશે. આ ઉપરાંત એજ્યુકેશન સેસ ૨ ટકાના દરે અને હાયર એજ્યુકેશન સેસ ૧ ટકાના દરે લાગુ પડશે.

મૂલ્યવર્ધિત વેરો(વેટ)

૧. ઉચ્ચકવેરા

ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૧૪ હેઠળની જોગવાઇ મુજબ રૂા. ૫૦ લાખ સુધીનું કુલ ટર્નઓવર ધરાવતા વેપારીઓને અમુક શરતોને આધિન ઉચ્ચકવેરો ભરવાનો વિકલ્પ મળે છે. ઉચ્ચકવેરા અંગેની આ જોગવાઇના લાભો રાજ્યના વધુ વેપારીઓને ઉપલબ્ધ થાય તે હેતુથી કલમ-૧૪ હેઠળની કુલ ટર્ન ઓવરની મર્યાદા રૂા. ૫૦ લાખથી વધારી રૂા. ૭૫ લાખ કરી. રૂા જોગવાઇથી રાજ્યના અંદાજિત વધુ ૨૩,૦૦૦ વેપારીઓને ઉચ્ચકવેરો ભરવાનો વિકલ્પ પ્રાપ્ત થશે. ઉચ્ચક કર હેઠળ વેપારી દરેક વેચાણ ઉપર વેરો ગણીને ભરવાના બદલે પોતાના વેરાપાત્ર ટર્નઓવર ઉપર ૦.૫ ટકા લેખે દર ત્રણ મહિને ઉચ્ચકવેરો ભરી શકે છે. આવા વેપારીએ સરળ પધ્ધતિથી ફક્ત ત્રિમાસિક પત્રક રજૂ કરવાનું રહે છે. આમ રૂા. ૭૫ લાખ સુધી ટર્ન ઓવર ધરાવતા વેપારીઓને ઉચ્ચક કરની જોગવાઇઓનો લાભ મળવાપાત્ર થશે.

૨. સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનો:
કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમોને પરિણામે રાજ્યના ખેડૂતો વધુ જાગૃત બન્યા છે તથા ખેતીમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવા લાગ્યા છે. આ પધ્ધતિના

ઉપયોગથી પાણી અને વિજળીની બચત થાય છે. તેમજ ઉત્પાદકતા વધે છે. આમ સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનોનો ખેતીમાં વપરાશને પ્રોત્સાહન મળે તે માટે સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનો પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકા માંથી સંપૂર્ણ વેરા માફી આપવામાં આવેલ છે.

૩. વિધાર્થીઓના અભ્યાસ માટેની શૈક્ષણિક ચીજો:

રાજ્યમાં સાક્ષરતાનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા સાક્ષરતા અભિયાન અને કન્યા કેળવણી જેવા અભિયાન અમલમાં મૂકવામાં આવેલ છે. અભ્યાસ માટે વિધાર્થીઓને તમામ પ્રકારની પેન્સિલ, ફૂટ, રૂલ્સ, સ્લાઇડ રૂલ્સ, મેથેમેટિક્સ ઇન્સ્ટ્રુમેન્ટસ અને તેના બોક્ષ, સ્કૂલ કલર બોક્સ, રબર તેમજ પેન્સિલ શાર્પનર્સની જરૂરિયાત રહે છે રાજ્યના વિધાર્થીઓને રાહત મળી રેહ તે હેતુથી આ ચીજો પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકા માંથી સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે.

૪. પ્લાસ્ટિકની નિવાર:

ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોમાં પાટીવાળા પલંગનો વપરાશ થતો હોય છે. આ વર્ગને રાહત થાય તે હેતુથી પાટીવાળા પલંગમાં પ્લાસ્ટિકની નિવાર પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકા માંથી સંપૂર્ણ વેરા માફી આપવામાં આવેલ છે.

૫. અગરબત્તીનું ભૂસુ:

હાલ રાજ્યમાં અગરબત્તી ઉપર કોઇ વેરો લેવામાં આવતો નથી. પરંતુ મોટા ઉત્પાદકો દ્વારા નાના ગૃહ ઉધોગોને અગરબત્તી બનાવવા માટે ભૂસુ આપવામાં આવે છે. તેના ઉપર અગાઉના ૧૫ ટકાના રેસિડ્યુરી દરે વેરો લેવા પાત્ર થાય છે. હવે અગરબત્તીના ભૂંસાને સંપૂર્ણ વેરા માફી આપવામાં આવેલ છે.

૬. કાર્બન ક્રેડિટ

ક્લાઇમેટ ચેન્જની પ્રતિકૂળ અસરો વિશે ખૂબ જાગૃતિ આવી છે. ગુજરાતે આ દિશામાં પહેલ કરી છે અને પર્યાવરણની જાળવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. ઘણા એકમોને પુન:પ્રાપ્ય ઉર્જાના સ્ત્રોતના ઉપયોગ બદલ કાર્બન ક્રેડિટ ઉપલબ્ધ થાય છે. આવા એકમો તેમની પાસેના વધારાની કાર્બન ક્રેડિટના અન્ય એકમોને વેચાણો કરી શકે છે. કાર્બન ક્રેડિટ અંગે હાલમાં વેટના કાયદામાં કોઇ ચોક્કસ એન્ટ્રી ન હોવાના કારણે કાર્બન ક્રેડિટના વેચાણના વ્યવહારો રેસિડ્યુરી એન્ટ્રી પ્રમાણે વધારાના વેરા સહિત ૧૫ ટકાના દરે વેરાપાત્ર થાય. કાર્બન ક્રેડિટના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી કાર્બન ક્રેડિટને વેટના કાયદાની અનુસૂચિ-૨ની એન્ટ્રી ૪૧ હેઠળ અદ્રશ્ય કે અમૂર્ત પ્રકારના માલ તરીકે આવરી લઇ વધારાના વેરા સહિત ૫ ટકાનો દર હવે અમલ છે.

૭. સિગારેટ:

તમાકુ માંથી બનતી સિગારેટનુ સેવન આરોગ્ય માટે હાનિકારક છે. સિગારેટનું સેવન અટકે તથા તેનો વપરાશ શક્ય તેટલો ઓછો થાય તે સમાજના હિત માટે જરૂરી છે. આ હેતુને ધ્યાનમાં રાખીને તમાકુમાંથી બનતી સિગારેટ પરનો હાલનો વેરાનો દર ૨૫ ટકા છે તે વધારીને વધારાના વેરા સહિત ૩૦ ટકા કરવામાં આવ્યો.

૮. સેકન્ડ હેન્ડ(યુઝર) ટુ વ્હીલર્સ અને સેકન્ડ હેન્ડ કોમર્શિયલ વ્હીકલ્સ:

રાજયમાં વપરાયેલા વાહનોના મોટી સંખ્યામાં વેચાણો થાય છે. હાલમાં યુઝર અથવા સેકન્ડ હેન્ડ મોટરકારના વેચાણો પર ૧ ટકાના દરે(મહત્તમ રૂા. ૨,૦૦૦ સુધી) વેરાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જ પ્રકારની જોગવાઇ ઉમેરીને નોંધાયેલ વેપારી મારફતે થતા સેકન્ડ હેન્ડ ટુ વ્હીલર્સના વેચાણો ૧ ટકાના દરે (વધુમાં વધુ રૂા. ૫૦૦ સુધી) અને સેકન્ડ હેન્ડ મિડિયમ અને હેવી ડ્યુટી કોમર્શિયલ વ્હિકલ્સના વેચાણો ૧ ટકાના દરે(વધુમાં વધુ રૂા. ૫,૦૦૦ સુધી) વેરાપાત્ર બનાવવામાં આવેલ છે.

મનોરંજન કર:

વિડિયોગૃહ માલિકોને ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ અન્વયે ઉચ્ચક કર ભરવાનો વિકલ્પ આપવામાં આવે છે. આ જોગવાઇ આવા વિડિયોગૃહમાં મનોરંજન મેળવવા માટે આવતા ગરીબ અને મજદૂર વર્ગની આર્થિક ક્ષમતાને ધ્યાને રાખીને રાહત સ્વરૂપે કરવામાં આવે છે. પરંતુ આ જોગવાઇનો ગેરલાભ અમુક મોટા કદના થિયેટર, મલ્ટિપ્લેક્સ સિનેમાગૃહો વગેરે લેતા હોવાનું ધ્યાને આવેલ છે જેઓએ ખરેખર ટિકિટના દર ઉપર મનોરંજન કર ભરવાનો થાય છે. ઉચ્ચકકર અંગેની રાહત જરૂરિયાતમંદ વર્ગને જ પહોંચે તે હેતુથી ઉચ્ચક કરની જોગવાઇ નીચે મુજબની શરતોને પરિપૂર્ણ કરતાં વિડિયોગૃહને પ્રાપ્ત થાય તેવી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૧. મનોરંજન સ્થળમાં પ્રવેશના વ્યક્તિદીઠ રૂા. ૩૦ થી વધુ હોવા જોઇએ નહી.
૨. મનોરંજન સ્થળમાં કોઇપણ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મનોરંજન પૂરૂ પાડી શકાશે.
૩. મનોરંજન સ્થળમાં એકથી વધુ પડદા હોવા જોઇએ નહીં.
૪. મનોરંજન સ્થળમાં મહત્તમ બેઠકોની સંખ્યા ૧૨૫ થી વધુ હોવી જોઇએ નહીં.

વ્યવસાય વેરો:

વ્યવસાયવેરો કાયદાની જોગવાઇઓ અનુસાર માસિક રૂા.વ્યવસાયવેરો કાયદાની જોગવાઇઓ અનુસાર માસિક રૂા.૩,૦૦૦ થી ઓછા પગાર અથવા વેતન મેળવતા પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાં મુક્તિ આપવામાં આવેલ છે. જ્યારે રૂા. ૩,૦૦૦ થી રૂા. ૬,૦૦૦ નો માસિક પગાર અથવા વેતન મેળવનારને મહિના દીઠ રૂા. ૨૦ ના ધોરણે પગાર અથવા વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવેલ છે. આ સિવાયના કોઇ દરોમાં ફેરફાર માટે કોઇ દરખાસ્ત નથી.

સ્વ-વીજ ઉત્પાદન ઉપર વીજ કર:

ઔદ્યોગિક હેતુ માટે થતા સ્વ-વીજ ઉત્પાદન ઉપર પાંચ વર્ષ સુધી વીજ કરમાંથી માફી મળે છે. વીજળીનું સ્વ-ઉત્પાદન કરી ઉપયોગ કરનાર ગ્રાહકોએ વીજ વપરાશની કિંમત ઉપર નહી, પરંતુ યુનિટ દીઠ દરે ઇલેક્ટ્રિસિટી ડ્યુટી ભરવાની હોય છે. તેઓના માટેનો ઇલેક્ટ્રિસીટી ડ્યુટીનો દર યુનિટ દીઠ ૪૦ પૈસા છે. જે દર વર્ષે ૧૯૯૯ માં નક્કી થયો હતો. જેની સામે વીજ વિતરક કંપનીઓ પાસેથી વીજળી ખરીદનાર ઔદ્યોગિક એકમોને એચ.ટીમાં ૧૫ ટકા લેખે અને એલ.ટીમાં ૧૦ ટકા લેખે વીજ કર ભરવો પડે છે. આ બંન્ને પ્રકારના ઉપયોગ કરતા એકમો દ્વારા ભરવાના થતા વીજકરમાં અંતર ઘટાડવાના હેતુથી સ્વ-વીજ ઉત્પાદન કક્ષાના ગ્રાહકોના ઇલેક્ટ્રિસિટી ડ્યુટીના હાલના દરમાં યુનિટ દીઠ ૧૫ પૈસાનો વધારો કરી, એચ.ટી અને એલ.ટી ગ્રાહકો માટે ઇલેક્ટ્રિસિટી ડ્યુટીનો દર યુનિટ દીઠ ૫૫ પૈસા કરવા દરખાસ્ત કરેલ છે. આ વધારાનો બોજ મર્યાદિત સંખ્યાના ઔદ્યોગક એકમો ઉપર છે.

'ખારોપાટ' ખારો ખાટો તૂરો તૂરો બેસ્વાદ

–ભરતભાઈ એમ. મકવાણા

'બાપાનો છેલ્લો કાગળ' વાર્તાસંગ્રહની 'ખારોપાટ' વાર્તા આત્મકથાત્મક શૈલીમાં લખાયેલી છે. છોકરીના વ્યક્તિતત્વની રેખાઓ સાથે વાર્તાનાયકની માતાના વ્યક્તિતત્વની રેખાઓ આલેખવામાં આવી છે. માતા–પિતાના રેખાચિત્રો, પ્રવાસવર્ણનો વગેરેને ખારોપાટમાં પ્રતીક સાથે વણી લેવામાં આવ્યો છે. 'ખારોપાટ'માં રતનસિંહ બારિયા નામનો જુવાન પોતાની માતાના કહેવાથી, માતાના પ્રેમને વશ થઈને દેવગઢની બાધા કરવા નીકળ્યો છે. કોચમાં એના સહપ્રવાસીઓમાં એક છોકરી પણ છે. આ છોકરીના સંદર્ભે કોચની ગતિ સાથે વાર્તા ઉઘાડ પામે છે. બા અને પિતાના વ્યક્તિતત્વની રેખાઓમાં, છોકરીના વ્યક્તિતત્વની રેખાઓમાં, વાર્તાનાયકની માતાના વ્યક્તિતત્વની રેખાઓમાં સાદ્યંત ગ્રામપરિવેશ જીવંત થતો જણાય છે. 'ખારોપાટ' વાર્તામાં બે એકસરખાં પ્રસંગને આવરી લઈ ત્રીજું પરિમાણ ઉપસ્થિત થતું જોવા મળે છે. 'ખારોપાટ' વાર્તામાં છોકરીના વ્યક્તિતત્વની રેખાઓ સાથે વાર્તાનાયકની માતાના વ્યક્તિતત્વની રેખાઓ ભેળવીને વાર્તાનાયિકાની વર્તમાન ક્ષણોને જીવંત રીતે નિરૂપવામાં આવી છે.

અહીં વાર્તાકારની શૈલી આત્મકથનાત્મક છે. વાર્તાનાયક એના પ્રવાસના અનુભવનું વર્ણનમાત્ર કરતો નથી પણ એની વર્તમાન ક્ષણો સાથે અતીત પણ ઊઘડતો રહે છે. કોચમાં એના સહપ્રવાસી તરીકે છોકરી છે જેનું નામ કૃતિ છે. કૃતિ અને એનો યાર એક હોટલ પર એકબીજાને ભેટે છે. તો વાર્તાનાયક પોતાના અતીતમાં ડોકિયું કરતાં અનુભવે છે કે કૉલેજમાંથી વતન–ઘરે આવું એટલે બા મને વીટંળાઈ વળે. કૃતિની આંખોને બાની આંખો સાથે સરખાવે છે. કૃતિના પાણી પીવાની ક્રિયા સાથે બા રોજ પોતાને માટે પથારી પાસે પાણીનો જગ મૂકી રાખતી એ ક્રિયા સંયોજાઈ છે. કૃતિના સુંવાળા સ્પર્શને, તેના ચુંબન બાના સ્પર્શ તેમજ ચુંબનની યાદ અપાવે છે. આમ, લેખકે વાર્તાનાયકના વર્તમાનની ક્ષણોને અતીત સાથે જોડી આપી સંનિધીકરણની પ્રયુકિત રચી છે. જે પ્રતીકાત્મક છે.

વાર્તા દેવગઢની બાધા કરવા નીકળેલ રતનસિંહ કોચની રાહ જોઈ રહ્યો છે ત્યાંથી આરંભાઈ છે. એ કોચની રાહ જોતો ઉભો છે ત્યા જ કૃતિને એનો યાર હીરો–હોન્ડા પર બેસાડી મૂકવા આવે છે. કૃતિના પાત્રમાં એના પ્રવેશથી જ જાતીયતા નિરૂપાયેલી જોઈ શકાય છે. વાર્તાનું પ્રારંભિક વર્ણન જ જુઓ :

''યારની પીઠ સાથે ચીપકીને, કમર ફરતે હાથ વીંટાળીને બેઠેલી એ ફટાક દઈને ઊતરી ગઈ. પોતાના વાળ ઉપર હાથ ફેરવતી એ પેલાની આંખોમાં આંખ પરોવતી ઝૂકી ઝૂકીને વાત કરે છે. પેલો નિરાંતે ગોગલ્સ કાઢે છે.''

કોચની રાહ જોતા કૃતિ એનો યાર અને રતનસિંહ હોટેલમાં બેસે છે. કૃતિના વ્યવહારમાં પણ જાતીયતાનાં સંકેત પ્રગટે છે.

> ''લળી લળીને વાત કરતી કૃતિ એના યારમાં ઊતરી જવા રઘવાઈ થઈ હોય એમ એનો હાથ દાબતી, પડખામાં સરતી વાતો કરે છે. કહો કે ધીમે ધીમે ખૂપી રહી છે પેલામાં!''

કોચ થોડો મોડો પણ આવે છે. કૃતિ એના યારને જરાય રેઢો મૂકતી નથી પરંતુ કોચ આવતા જ એનો યાર કૃતિને કોચમાં બેસાડી દે છે. કોચ ઉપડે છે અને રતનસિંહની નજર વારંવાર કૃતિ ઉપર મંડાયા કરે છે. કૃતિ પણ આની નોંધ લે છે અને વ્યવસ્થિત બની જાય છે. રતનસિંહની નજર કૃતિનું અવલોકન કરે છે :

''કોચની તોફાની ગતિ અને ઊછળકૂદ સાથે, એના લૂઝરમાં, એનું વક્ષ પણ હાલકડોલક થાય છે. બેઉ સસલાં નિર્બંધ તડકામાં ઠેકતાં ઠેકતાં દોડતાં ન હોય જાણે! એ અમળાતી–ઘોળાતી જાત પર કાબૂ રાખવા ઝૂઝતી હોય એવું મને લાગે છે. હું જોતો જોતો બેસી રહ્યો છું...''

અહીં પણ જાતીયતાના કારણે જ નાયક એ જોવા લલસાતો રહે છે. રતનસિંહની નજર વારંવાર એની છાતીના ઉભાર તરફ મંડાય છે તેમાં પણ તેની જાતીયગત મૂળ વૃત્તિ જ રહેલી જોઈ શકાય છે. નાયકની નજર કૃતિના વક્ષની ઝીણી ઝીણી નોંધ પણ લે છે. એની નજર કૃતિમાં કશું જોવાનું ચૂકતી નથી, ''બારીમાંથી સોંસરા આવતા તડકામાં મારાથી એની છાતી જોવાઈ ગઈ. લૂઝર નીચે એણે બ્રા પહેરી નથી. માથાં ઊંચકતી ટેકરીઓને એણે હાથની અદબ વાળીને ઢબૂરી દીધી.''

વાર્તાના અંતમાં પણ જાતીયતા આલેખાઈ છે. વાર્તાન્તે કળાત્મક રીતે તેમજ ટૂંકીવાર્તાનાં કલાઘાટને વધું લાવણ્ય આપતી રીતિથી જાતીયતાનું નિરૂપણ થયું છે, મણિલાલની એ જ તો ખૂબી છે! એ આસ્વાદ્ય રીતે ગદ્યને મૂકી આપે છે અને કથિત લક્ષ્યને પાર પાડે છે. અંતમાં થયેલ જાતીયતાનું આલેખન જુઓ : ''આ સુંવાળો સ્પર્શ બાનો કે– હું સ્વપ્નમાં તો નથીને? ના રે... કૃતિ મારી સીટમાં, મારા પડખામાં, આમ આટલી ચસોચસ... હું બાની નેહનીતરતી આંખો પીવા આંખ ખોલું એ પહેલાં તો મારા હોઠ પર કૃતિના ઊના ઊના ફળફળતા હોઠ ! આખો દિવસ તપેલો ખારોપાટ ખારો ખાટો તૂરો તૂરો બેસ્વાદ... ને આ એવો જ અંધકાર... મહુડાની રાત જેવો... રેશમિયો ! ખારાશ. મને તરત થૂંકી દેવાનું મન થયું... પણ મારા પડખામાંના રાતાકાળાજાંબલી મખમલી અંધકારને થપથપાવતો હું ગામ માથેની ટેકરીઓમાં જાગતો કે તંદ્રામાં કે પછી–દેવગઢ અને ભીલી માતાનાં થાનકોમાં– ઊંડે ને ઊંડે ઊતરતો જતો'તો... સૂસવતા ને સુપ્ત થઈ જતા ખારાપાટ વચાળે...''

આમ, આ વાર્તામાં અનેક સ્થાને કલાત્મક રીતે જાતીયતા પ્રગટી આવે છે. વાર્તા અનેક કેન્દ્રો રચતી હોવા ઉપરાંત તેનું મુખ્ય કેન્દ્ર તો સ્ત્રી–પુરુષની પુરકતાને પ્રકટાવવાનું જ છે. આમ, વાર્તા સમગ્રપણે પણ ઉત્તમ પુરવાર થાય છે.

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

અફાટ અગાધ અને અનંત સત્યની ઝાંખી કરવાતો વાર્તાગુચ્છ 'રણની આંખમાં દરિયો'

- રાઠોડ રણજીતસિંહ પી
સરકારી આર્ટશ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ

ગુજરાતના સમાજજીવન વિશે ઘણા લેખકોએ સાહિત્ય સર્જન કર્યુ છે. રાજયના વિવિધ વિસ્તારોનો પ્રદેશોની લાક્ષણિકતાનો પરીચય પણ તેમની કલમ દ્વારા આપણને મળ્યો છે. પણ આશ્રયની એક વાત નોંધવી પડે છે. અને તે એ કે ગુજરાતને લાંબો દરિયા કિનારો હોવા છતાં સાગરખેડુઓના જીવન અને તેમની સંસ્કૃતિ વિશે બહુજ ઓછુ લખાયુ છે. તેમાં ગુણવંતરાય આચાર્ય, સુકાની, ડો. જયંતખત્રી, વનુ પાંધી, મનુભાઈ પાંધી, વિનેશ અંતાણી વગેરે લેખકોના નામ આપી શકાય છે. તેમની અને તેમના જેવા કેટલાક લેખકોની કૃતિઓમાં દરિયો છે.

કચ્છ એ ગુજરાતનો વિશિષ્ટ પ્રદેશ છે. રણ અને સમુદ્રથી ઘેરાયેલો આ પ્રદેશ વિશિષ્ટ ભૌગોલીક સ્થિતી–પરિસ્થિતી ધરાવે છે.આવી અનેક વિશિષ્ટતા વાર્તાઓને સંકલીત કરી દસ્તાવેજીકરણ કરવાનો પુરૂષાર્થ કચ્છના જ સર્જક ધીરેન્દ્ર મહેતાએ કર્યો છે.અને તેથી જ આ સંપાદન પ્રદેશ વિશેષના અનુભૂતિજન્ય ક્ષણોના સત્યને તાકતું પ્રસારતું જણાય આવે એમાં ના કહી શકાય તેમ નથી ધીરેન્દ્ર મહેતા સ્વયં કચ્છ પ્રદેશના વતની છે.

એમની સર્જક પ્રતિભા ઉતરોતર નીખરતી રહી છે.એમની નવલકથા 'છાવણી' દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા સન્માનિત કરવામાં આવી છે.તો 'ચિહ્ન' જેવી સબળ કલાકૃતિનું સર્જન કર્મ કરવાનો યશ પણ તેમને ફાળે જાય છે.તેમના સર્જનમાં અવાર નવાર કચ્છ પ્રદેશના જીવંત તત્વો ઉજાગર થતા જોવા મળે છે.આ સર્જક પોતે પણ સભાને પણે આ પ્રદેશની વિલક્ષણતાઓને પિછાણે છે.કદાચ તેથી જ તેમને આવી પ્રદેશ વિશેષને પ્રગટાવતી પ્રદેશ વિશેષતા ધબકારને ઉજાગર કરતી વાર્તાઓ સંકલીત કરી છે.આ સંપાદન વિશે ધીરેન્દ્ર મહેતા નોંધે છે.તેમાં આ સંપાદન પાછળનો ધ્યેય સ્પષ્ટ થાય છે.(પૃ–૧૨૧ થી ૧૨૨ 'રણની આંખમાં દરિયો')

'' કચ્છના લેખકોને ગુજરાતના લેખકોથી અલગ તારવીને એમની વાર્તાઓની ચર્ચા શા માટે કરવી જોઈએ,એવો પ્રશ્ન પૂંછી શકાય.હું જયારે એવો ઉપક્રમ યોજુ છુ ત્યારે મારા મનમાં 'કચ્છના લેખકો' એટલે એવા લેખકો નથી જેઓ કચ્છના વતની માત્ર છે,પરંતુ કચ્છના એવા લેખકો છે જેમની વાર્તાઓને આ પ્રદેશ સાથે ઉંડી નિસબત છે.આ લેખકોએ આ સિવાયની વાર્તાઓ પણ લખી છે.જોવા માંગીઓ તો એમા પણ એક યા બીજી જગ્યાએ કચ્છનો સંદર્ભ જોઈ શકાશે : કયાંક પ્રકૃતિનો કોઈ ચિત્રમાં કયાંક કોઈ પ્રતિકની પસંદગીમાં,કલ્પનની યોજનામાં જેમાં આવુ કોઈ તત્વ ન હોય એવી વાર્તાઓ પણ આ લેખકો પાસેથી મળી છે, પરંતુ ત્યાં કચ્છનો લેખક,ગુજરાતી ભાષના બીજા લેખકોથી જુદો પડતો નથી,અને તો એ કચ્છનો વતની છે એવી વિગતનું આપણે મન કશું મહત્વ નથી.

રણ અને સમુદ્રથી વીટણાયેલો આ પ્રદેશ વિશિષ્ટ ભૌગોલીક પરિસ્થિતી ધરાવે છે.એનો ઘણો મોટો પથરાટ એના અવિકસિત–લગભગ ઉજજડ કહી શકાય એવા અંતરાલો વિકસીત વિસ્તારોથી એનું લાંબુ અંતર,અવર–જવરની અડચણો, આવાંઆવાં પરિબળોએ આ પ્રદેશવાસીઓને આર્થિક–સામાજીક–વ્યકિતગત વ્યવહારો પર અને એમની જીવનદ્રષ્ટિ પર ઉંડી અને ગાઢ અસર કરેલી છે.મતલબ કે આ પ્રદેશનું પોતાનું આગવું વ્યકિતત્વ છે.આ લીધે આ પ્રદેશના લેખકોનું કામ એક રીતે સરળ છે તો બીજી રીતે મુશ્કેલ છે.રણ અને સમુદ્રની એક નવીન સૃષ્ટિ હાથવગી હોવાને લીધે એ વાચકના મનમાં સહેલાઈથી કૌતુક જગાવી શકે છે.તો બીજી બાજુ પ્રકૃતિનાં આ બે રૂપોના વર્ણના માંથી કશુંક નવીન કર્યાનું માની લેવાનું જોખમ પણ આ લેખકોને માથે હોય છે.''રણની આંખમાં દરિયો કચ્છ પ્રદેશની વાર્તાઓના સંપાદનમાં પહેલી જ મુકાયેલી વાર્તા'' હું ગંગી અને અમે બધા'' માં તો એ સંગ્રહના સંપાદક ડૉ ધીરેન્દ્ર મહેતા કહે છે.તેમ ''દરિયો પ્રત્યક્ષ આવતો પણ નથી,છતાં આ વાર્તામાં એવી એક ક્ષણ નથી જેના પર દરિયાનો પડછાયો નપડયો હોય''

'રણની આંખમાં દરિયો' સંગ્રહની વાર્તાઓ કચ્છ પ્રદેશની વિશિષ્ટ વાર્તાઓનો સંશય છે.અં પ્રદેશના જ વતની,જેમના લોહીમાં કચ્છના રણની રેતીને દરિયાનો ખારપાટ ભળી ગળી ગયો છે,એવા વાર્તાકારોની વાર્તાઓનો આ સંચય,એ પ્રદેશ વિશેનું આપણને સંર્વાગી દર્શન કરાવે છે.

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

ગુજરાતના સવિનય કાનૂન ભંગની ચળવળ ૧૯૩૦– ૧૯૩૨

- પટેલ કૃણાલકુમાર રમણભાઈ

" ૫ એપ્રિલ ૧૯૩૦ ના રોજ ગાંધીજી સુરત પાસેના ભગવાદાંડી ગામના દરિયાકિનારે પહોચ્યા. બીજે દિવસે (૬ એપ્રિલ ૧૯૩૦ સૂર્યોદય થતાં જ એમણે (ગાંધીજી) દાંડીના દરિયા કાંઠે થી મુઠ્ઠીભર મીઠું ઉપાડી રાષ્ટ્રને સવિનય કાનૂન ભંગ ની લડત નું ગ્રીનસિગ્નલ આપ્યું"

– એક અહેવાલ

– " આંદોલનને સ્થગિત કરવું એ તેની અસફળતાની ઘોષણા છે.

– શ્રી સુભાષચંદ્ર બોઝ

– " પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે જેમને અહિંસક પ્રવૃતિમાં પૂરેપૂરી શ્રધ્ધા હોય તેમની મારફત સવિનય કાનૂનભંગ ની લડતનું સંચાલન થવું જોઈએ કારોબારી સમિતી મહાત્મા ગાંધીજીને અને અહિંસામાં પૂર્ણ શ્રધ્ધા ધરાવતા તેમના સાથિદારો ને સરકાર સામે સવિનય કાનૂનભંગ નું આંદોલન શરૂ કરવાની સત્તા આપે છે.

– કાંગ્રેસ સમિતીનો ઠરાવ

ઈ.સ ૧૯૩૦ – ૩૨ ની સવિનય કાનુનભંગ ની ચળવળમાં ગુજરાત અને તેનો ફાળો

પ્રસ્તાવના –

ઈતિહાસના અભ્યાસી તરીકે આપણું સદ્દનશીબ રહ્યું છે. કે અર્વાચિન યુગનો ઈતિહાસ જાણવા માટે સળંગ એકસૂત્ર સંધાય તેવુ ઈતિહાસ લખવા માટે પ્રથમકક્ષાના અને દ્રિતીયકક્ષાના સાધનો ગુજરાત તથા ગુજરાત બહારના રાજયો માંથી –ગલાબંધ પ્રાપ્ત થાય તેમ છે. જગતના ગણા બધા દેશોમાં સ્વાતંત્રય સંગ્રામ જેવો તો નહી જ ગાંધીજીના સત્યાગ્રહ વિશ્વભરમાં કેન્દ્ર સ્થાને છે.

– ઈ.સ ૧૯૧૫ માં મોહનદાસ કરમસદ ગાંધી આફ્રિકાના સફળ સત્યાગ્રહના અનુભવે હિંદમાં અહિંક આંદોલનના શ્રી ગણેશ કર્યા હતા. ગાંધીજીની લડતની ઈતિહાસની રૂપરેખા કંઈક અનેરી આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે. ભારતમાં ગુલામીના વિરુધ્ધમાં લડાયેલું આ આંદોલન વિવિધ તબબકામાં રચાયું હતું . જેમાં અસહકાર નું આંદોલન (૧૯૨૦ – ૧૯૨૨) સવિનય કાનૂન ભંગ (૧૯૩૦ – ૩૨) હિંદ છોડો ચળવળ (૧૯૪૨) એમ જુદા જુદા સમયગાળામાં આંદોલનો થયા હતા.

– ઉપરોકત ત્રણેયે સ્વાતંત્રય સંગ્રામની ચળવળોની સિમાચિહનરૂપ ગણાતી પ્રવૃતિઓનું નાભિકેન્દ્ર ગુર્જરધરા હોવાથી ભારતના અર્વાચિન યુગના લેખનમાં ગુજરાતની અસ્મિતા કંઈક વિશિષ્ટ દર્શાવી શકાય તેમ છે. સત્યાગ્રહનું મુખ્ય કેન્દ્ર અમદાવાદનું સાબરમતી આશ્રમ હતું. આના પાછળ કેટલીક ચોકકસ નકકર ભૂમિકાઓ સમાયેલી છે. તન મન ધન થી ગુજરાતની પ્રજાએ પોતાનો યથાશકિત પ્રમાણે સહયોગ આપવામાં કચાસ અને કરકસર બાકી રાખી ન હતી. આ પરિબળોના લીધેજ અસહકારના સફળ આંદોલન બાદ ઈ.સ ૧૯૩૦માં સવિનય કાનૂન ભંગ ની ચળવળ ભારતના બીજા સ્વાતંત્રય સંગ્રામના તબકકા તરીકે ઓળખાતી આ લડતમાં વિશિષ્ટ લાક્ષણિકતા ઓથી તર થઈ હતી. જેનો આપણે વિગતે અભ્યાસ નીચે મુજબ કરીશું .

– સવિનય કાનૂન ભંગની ચળવળ તરફ દોરી જતા સંજોગો

સત્ય અને અંહિસા ના પાયા ઉપર રચાયેલી અસહકારની ચળવળ એક નાનકડા હિંસક ચોરાચોરી ના બનાવના પરિણામે સ્થગિત થઈ ગઈ હતી. ત્યાર પછીના એક દશકના સમયગાળા દરમ્યાન ભારતીય રાજકારણમાં અનેક રાજરંગો ભજવાયી ગયા કાંગ્રેસથી અલગ થઈ યુવાકોગ્રેસના સભ્યો એ પૂર્ણ સ્વરાજયની માગણી બુંલદ કરી સ્વાતંત્રય 'ગ્રામને સ્વરાજપક્ષ ધ્વારા લડતને વેગવંતી બનાવી હતી.

– સાયમન કમિશન

– ઈ.સ ૧૯૧૯ ના રોલેટ એકટના અનુસાર દેશમાં બંધારણીય હકો અને સુધારાઓ આપવા ઈ.સ ૧૯૨૭માં કાયદાશાસ્ત્રી સાયમનના અધ્યક્ષપણા હેઠળ સાયમન કમિશન ભારત આવ્યું. ૩ ફેબ્રુઆરી ઈ.સ ૧૯૨૮ના રોજ વિધીવત કાર્યવાહી મુંબઈથી શરું થઈ. આ સમિતીનો વિરોધ કોગ્રેસ ધ્વારા કરવામાં આવ્યો.

– આ કમિશનમાં એક પણ ભારતીય ન હોવાથી જયાંજયાં સાયમન કમિશન ગયું ત્યાંત્યાં તેનો વિરોધ અને બહિષ્કાર થયો . સાયમન ગો બેક ના નારા ને નાબુદ કરવા સરકારે લાઠીચાર્જ અને ગોરીબાર કર્યો . આમ પ્રજાએ પોતાના મિજાજ ગુમાવી તિવ્ર વિરોધ સુર પુરાવ્યો.

– આ કમિશનના સામે કોગ્રેસે મોતીલાલ નહેરુ ના અધયક્ષ પણા નીચે નહેરુ સમિતી રચવામાં આવી તેમના સુધારા વાદી અને ન્યાયી રીપોર્ટની સરકારે અવલોચના કરી પરિણામે કોગ્રેસ સમિતી વધુ મજબુત બની લડત આપવામાં સક્ષમ બની .

– ગુજરાતની પ્રજાનો ઉત્સાહ અને ગાંધી વિચારોની અસર :–

ગાંધીજીના અસહકારના વિરોધથી થયેલી ગાંધીવાદી પ્રવૃતિઓએ ગુજરાતના તેમજ સમસ્ત હિંદના તમામ વર્ગ ,કોમ, જાતી ,બાળકથી લઈ વયોવૃધ્ધ ,સ્ત્રીપુરુષોની સહયારી એકતા બલિદાન ,ત્યાગ ,પ્રોત્સાહન અને પ્રેરણા પ્રવાહોથી સિંચાયેલું ગુજરાત ગાંધીજીના સત્યાગ્રહના આર્દશોની વાત પૂરેપૂરી વ્યવાહારું છે. તેની પ્રતિતિ થઈ હતી. વળી સરદારના નેનૃત્વ હેઠળ સફળ થયેલા બારોડી સત્યાગ્રહ ના પરિણામે ગુજરાતની પ્રજામાં ઉત્સાહનું પ્રચંડ વંટોળ ઉભું થયું હતું.

– આમ ૧૯૩૨ ના વર્ષ માં કેટલીક આશ્વર્યદાયક ઘટનાઓ બની. ઈગ્લેન્ડમાં મજૂરપક્ષે સરકાર રચી આથી હિંદના રાજકરણ માં કંઈક અંશે આશા બંધાઈ હતી.

– ઈ.સ ૧૯૩૦ – ૩૨ ની સવિનય કાનૂન ભંગ ચળવળ માં ગુજરાતનું પદાન

– સવિનય કાનૂન ભંગ ચળવળ ની પૂર્વભૂમીકા :–

જવાહારલાલ નહેરુ અને સુભાષચંદ્રબોઝ ની આગેવાની હેઠળ યુવાકોગ્રેસ નેતાઓનું જૂથ અને મોતીલાલ નહેરું ના જૂથ કોલકતા અધિવેશનમાં સમાધાન સ્વરૂપે એવું કરવામાં આવ્યું કે ઈ.સ ૧૯૨૯ ની આખર સુધી માં સ્થાનિક સ્વરાજય ન આપવામાં આવે તો પૂર્ણસ્વરાજય માંગવામાં આવશે.

– અંતે કોગ્રેસ નું અધિવેશન જવાહરલાલ નહેરું ના અધ્યક્ષપદે લાહોરમાં મળ્યું ગાંધીજીએ રજૂ કરેલા પૂર્ણ સ્વરાજયનો ઠરાવ ૩૧ ડિસેમ્બર ૧૯૨૯ ની મધરાતે ખુલ્લા અધિવેશનમાં સર્વાનુમતે પસાર થયો. ત્યારબાદ ઈ.સ ૧૯૩૦ ની ૨૬ મી જાન્યુઆરી ના દીને સ્વાતંત્રયદીન તરીકે ઉજવવાની પ્રજાને અપીલ કરવામાં આવી.

પ્રજાને સ્વાતંત્રય ઠેઠેરો કરવા સભાઓ ભરવામાં આવી. આમ બીજા શબ્દોમાં કહીએ તો સવિનય કાનૂન ભંગ લડત ના શ્રી ગણેશ આ લડત થી થયા.

– નીડર સેવાનિષ્ઠ કર્મનિષ્ઠ ,બહાદુર ખંતીલા ,સંગીન ,ઉગ્ર ,આક્રોશવાળા ,ત્યાગ અને તર્પણની ભાવના વાળા સ્થાનિક નેતાઓની લાંબી વણઝાર ગુજરાતના ભુપુષ્ઠ પર પૂર્વ તૈયારીઓ કરીને બેઠું હતું.

– ગાંધીજીનું નેતુત્વ અને મુદ્રાનો કાર્યક્રમ

– કોગ્રેસના બાહોશ કાર્યકકર્તા ઓ અને પ્રજાની લોકમાગણી આવકારી ગાંધીજીના નેતૃત્વ હેઠળ પુનઃ લડત આરંભ કરવાની ગતી વિધીઓ ચાલુ થઈ ઈ.સ ૧૯૩૦ની પરિષદમાં મોકલવા ગાંધીજીએ અને સમિતીનો એક અહેવાલ તૈયાર કર્યો હતો. જેમાં નીચે મુજબના ૧૧ મુ?ાઓનો સમાવેશ કરવામાં આવ્યા હતા.

(૧) સદંતર દારૂબંધી
(૨) હુંડીયામણમાં ઘટાડો
(૩) જમીન મહેસુલમાં ૫૦ % ઘટાડો
(૪) મીઠાવેળાની સંપૂર્ણ નાબુદી
(૫) લશ્કરીમાં ૫૦% ઘટાડો
(૬) ઉપલા વર્ગની નોકરીઓમાં ધરખમ ઘટાડો
(૭) પરદેશી કાપડ પર રક્ષણાત્મક જકાત
(૮) રાજકીય કેદીઓની મુકતી
(૯) ગુપ્ત પોલીસ કાઢી નાખવી.
(૧૦) રક્ષણ માટેના હથીયાર ની ઘટ મુકવી.
(૧૧) પૂર્ણ સ્વરાજ આપવું.
વેગેરે બાબતોનો સમાવેશ થયો હતો.

લડતની રણનીતી માટે વ્યુહાત્મક આયોજન

– ૧૯૩૦ ની ૧૪ મી ફેબ્રુઆરી એ અમદાવાદ સાબરમતી આશ્રમમાં બેઠક બોલાવવાથી બે દિવસની ચર્ચા વિચારણા બાદ સંપૂર્ણ યોજનાનું સ્વરૂપ રચવામાં આવ્યું ગાંધીજી અને તેમના તમામ સાથીદારો ને પકડવા ઈગ્લેન્ડના વર્તમાનપત્રો માં સલાહ આપવામાં આવી.

– ઈન્દુલાલ યાજ્ઞીક ગ.વ માવલવંણકર , વલ્લભભાઈ પટેલ , મહાદેવભાઈ દેસાઈ ,કલ્યાણજીભાઈ , અને તમામ જિલ્લા ના કોગ્રેસી પ્રમુખો અને તાલુકાથી ગ્રામ્યકક્ષા સુધીના અગ્રિણ્ય નેતાઓ આ લડતની રૂપરેખા પ્રજાને આપવા ગામેગામ ઘોષણાઓ કરી આમ આ લડતના ભણકાર ગુજરાતના ગામેગામ અને ખુણેખુણામાં ગૂજંતા હતો.

– લોર્ડ ઈર્વિનને ગાંધીજીનો પત્ર

– લોર્ડ ઈર્વિન ને ઈ.સ ૧૯૩૦ ની ૨ જી માર્ચ ગાંધીજીએ લડત રૂ કરવા અંગે ઔતિહાસીક પત્ર લખવામાં આવેલ આ પત્ર ડેઝીનાલ્ડ રેનાલ્ડસ નામના એક અંગ્રેજ યુવાન સાથે હાથોહાથ પહોચતો કરવામાં આવેલો પ્રમાં આખી લડતની રૂપરેખા અને સમાધાન અંગે સ્પષ્ઠ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

– એકબાજુ ગાંધીજી વાઈસરોય ને આખરી ફેસલાની લડત અંગે આખરી નામું આપી રહયા હતાં તો બીજી બાજુ લડતની પૂરી ઝીણવટ ભરી તૈયારીઓ કરી દીધી હતી.

–લડતના શ્રી ગણેશ –
લડત માટે કોઈ એક પ્રતિબિંબ જ હોય સર્વને સ્પર્શતો હોય સર્વમાન્ય હોય સર્વ સિવૃક'ત હોય તેવા મુદ્રાની સમસ્યા ને લડતના એકમભાગ સ્વીકારવાનું નકકી થયું તેમાં મીઠાનો કાયદો અમાનુષી ,પ્રત્યાઘાતી અને સર્વને સ્પર્શતો હોવાથી તેનો મુખ્ય મુદ્રો બનાવી સવિનય કાનૂન ભંગની લડતમાં આ મીઠાના કાયદાને તોડવા માટેની એક લડત વ્યાપક સ્વરૂપે ઉપાડવાનું નકકી કરવામાં આવ્યું જે ભારતીય સ્વાતંત્રય સંગ્રામના ઈતિહાસમાં ઉલ્લેખનીય ઔતિહાસીક બનાવ તરીકે આપણે ઈતિહાસના અભ્યાસું તરીકે મુલવીએ તો તે યર્થાત છે જે બનાવ એટલે જ દાંડીકૂચ
– ૧૦ પાઈના મીઠા ઉપર ૨૦૦ પાઈની જકાત નાખવામાં આવી હતી. આવા અન્યાયી કાયદાની તિલાજંલ ી આપવા તેને મુખ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું. શરુઆતમાં બોરસદ તાલુકાના મહી નદીને કેન્દ્ર બનાવવામાં આવ્યું પરંતુ કલ્યાણભાઈ મહેતા (સુરતના કોગ્રેસી કાર્યકર્તા) ની સલાહ થી નવું સ્થળ પસંદ કરવામાં આવેલું મહાદેવભાઈ દેસાઈ એ સુરત પાસેના ભગવાદાંડી નામનું ગામ શોધી કાઠયું આ સ્થળની પસંદગસ થતા સમ્રગ લડતની શરુ થી અંત સુધીનું આયોજન ગોઠવી દેવામાં આવ્યું.

– આઠ મી માર્ચ સાંજે ગાંધીજી એ એલીસબ્રીજ પુલની નીચે વિશાળ જંગી મેદાનમાં આ લડત સંર્દભે ગાંધીજીએ માર્ગદર્શન સ્વરૂપે ભાષણ આપ્યું. કૂચની આગલી રાત્રે સેકડો ગ્રામજનો આ સભામાં હાજર રહયા હતા
– સ્વીઝરલેન્ડ જેવા દેશમાંથી પત્રકારો ફોટોગ્રાફરો અને જીજ્ઞાસુઓ નોધ લેવા માટે ઉતરી પડયા હતા વાડઝ થી ઉસ્માનપુરા ગામ સુધી અમદાવાદ ઉભરાતું હતું

– ગાંધીજીએ ૧૯૩૦ની ૧૨ મી માર્ચના રોજ સવારના ૬ :૨૦ કલાકે પોતાના ૭૯ સાથીઓ સાથે અમદાવાદ સાબરમતી આશ્રમ થી દાંડી (જિલ્લો સુરત) જવા પગપાળા ધ્વારા મંગળ પ્રયાણ કર્યુ.

– સૂરસંગ્રામ અને હરીનો માર્ગ છે સુરાનો એક ખરો દંપતિએ ભજન ગાયું કસ્તુરબાએ કુમકુમનું તિલક કરી વિદાય આપી હતી. અમદાવાદ ના નગર શેઠધે બે પાણીદાર ઘોડા ગાંધીજી માટે મોકલાવ્યા હતા. ગાંધીજીએ આ ઘોડા વિનંતીથી પાછા મોકલાવ્યા હતા.

– ૬૧ વર્ષના આ ભવ્ય ડોસાનુ ંમહાનિષ્ઠકમણ દેશ અને દુનિયા માટે આર્શ્ચજનક હતું ગાંધીજીએ દાંડીકૂચમાં સામેલ થવા ચંદ્રાલા ગામ આગર વ્યાખ્યાન આપ્યું હતુ અને શપત લીધાા હતા કે

કાગડા કુતરા ને મોતે મળીશ પરંતુ સ્વરાજ લીધા વગર સાબરમતી આશ્રમમાં પાછો ફળીશ નહી.

– ૫ મી એપ્રિલ ૧૯૩૦ ના રોજ ૮૧ ચુનંદા સાથીદારો સાથે ગાંધીજી પગ યાત્રા કરતા ભગવા ગામે પહોચી ગયા ૩૮૬ કી.મી ની પગપાળા કૂચ પછી ૬ એપ્રિલે સમુદ્ર સ્નાન કરી ને ગાંધીજીએ સવારના ૬:૩૦ કલાકે દાંડીના સમુદ્ર કાંઠેથી ચપટી મીઠુ ઉપાડીને ગાંધીજીએ ધીર અને ગંભીર વાણી વિચારી કે હું બિટ્રીશ સામ્રાજય રૂપી ઈમારતના પાયામાં લુણો લગાડું છું આ સાથે સરકાર સામે મીઠાનો સત્યાગ્રહ કરવાની આખા દેશને

લીલી ઝંડી મળી ગઈ આ સાથે જ લોકોના ગગન ભેદી નાદ નમક કા કાયદા તોડ દીયા ની સાથે દાંડીકૂચની પૂર્ણાહૂતી કરી.

– લડતના ભાગરૂપે વિરમગામ ,ધરાસણા અને અન્ય સત્યાગ્રહ

– ૬ એપ્રિલ થી ૧૨ એપિંલ સુધી મીઠાનો કાયદો તોઠવાના ઉત્સાહ સભર ઉત્સવ ઉજવાયો ગુજરાતના ધરાસણા વિરમગામ અને સૌરાષ્ટના દરિયાઈ કિનારે તમામ ગોમોમાં આ વખતે વ્યાપક સ્વરૂપે મીઠાનો કાયદો તોડવામાટે પ્રયત્નો થયા. નરસિંહભાઈ પરિખ અને તેમના બનેં સાથીદારો પણ તેમાં સામેલ હતા. આ સમયે ગાંધીજી એ સરકાર સામે ઉગ્ર લડત બનાવવા નિર્ણય કર્યો. આથી ૫ મી મે ૧૯૩૦ ની મધ્યરાત્રી એ દાંડી પાસેના ગામમાંથી સરકારે ગાંધીજી ની ધરપકડ કરીને તેમને પૂર્ણે પાસેની યરવડ જેલમાં મોકલી દેવામાં આવ્યા.
– ઈનામ સાહેબના નેતૃત્વ હેઠળ ૨૫૦૦ સત્યાગ્રાહીઓએ ધરાસણામાં સત્યાગ્રહ પુનઃ ઉગ્રતાથી આરંભ્યો.
– ૧૯૩૦ ની ૧ લી જુલાઈએ મુંબઈની નજીકના વડાલી ના મીઠાના અગરો કબજે કરવા ૧૫૦૦ સત્યાગ્રાહીઓએ ભાગ લીધો. આમ આ રીતે ઘોલેરો અને વિરમગામે પણ મીઠાના કાનૂનભંગ માં મુખ્ય ભૂમીકાઓ ભજવી હતી.

– લડતની રચનાત્મક પ્રવૃતિઓ

– આ લડત મીઠાના કાયદા પૂરતી સિમસત ન બની રહેતા રચનાત્મક પ્રવૃતિઓ પણ એટલી જ વેગવંતી બની હતી. ખાદીપ્રચાર ,ખાદીનીફેળી , રેટીયો , કાંતણ પ્રવૃતિ ,સ્વદેશી કાપઠની પ્રવૃતિ , વગેરે પ્રવૃતિઓ સજીવન થઈ. સૌરાષ્ઠમાં ખાદીવણાટની પ્રવૃતિ મુખ્ય બની.

– આ ઉપરાંત શારીરીક નુકશાન કર્તા દારૂની બદીઓ સામે જેહાદ જગાડવામાં આવ્યો બહેનોની ટોળીઓએ દારૂના પીઠાઓ ઉપર રાતદિવસ પેકેટીગ કરી હસતાં મોઢે પોલીસની ગાળો પીઠાવાળાના અસભ્ય વર્તન સહન કરી પ્રવૃતિ ચાલુ રાખી.

– અસ્પૃશ્તાની નિવારણની ઝુંબેશ પણ એટલી જ વેગવંતી બની ૧૯૩૦થી સાબરમતી આશ્રમ હરીજન આશ્રમ તરીકે ઓળખવા લાગ્યો . કોગ્રેસની મુખ્ય પત્ર નવજીવન પણ હવે હરીજન નામે બહાર પડવા લાગયું હતું.

– ગાંધીજીના કહેવા પ્રમાણે પ્રાંતીય પરીષદે અસ્પૃષ્તાના કંલકને મીટાવી દેવા માટે અસ્પૃષ્તા નિવારણ કાય"રક્રમની પ્રવૃતિ આરંભી દેવામાં આવી હતી.

– આ લડત દરમિયાન હિંદુ મુસ્લીમ એકતા આર્દશ રૂપ બની હતી સમ્રગ દેશમાં કોમી હુલ્લડોની બદી થી ભયભીધત બન્યું હતું ત્યારે ગાંધીજીનું આ ગુજરાત આ બદીથી મુકત બન્યું હતું.

– સવિનય કાનૂન ભંગની લડતનું મુલ્યાંકન

– ઉપરોકત ચર્ચાનું મુલ્યાંકન કર્તા કહી શકાયય કે આ લડત પૂર્ણ સ્વરાજય સિધ્ધ કરવાના તેના ધ્યેયમાં નિષ્ફળ સાબિત થઈ હતી. પરંતુ ગાંધીજીના સિધ્ધાંત મુજબ અહિંસક લડતનું ઉતમ ઉદાહરણ રૂપ બની હતી ગુજરાત બહારથી આવેલા તમામ સ્વયંસેવકોની સાથે અન્ય પ્રજાએ ધીરજ કરીને પાંચ પાંચ મહીના સુધી સહનશીલતાથી આ લડતમાં સક્રિય ભાગ આપ્યો હતો તે રાષ્ટ્રીય એકતાનું પ્રતિક સમુહ ગણાવી શકાય

– સરકારના બેફામ લાઠીચાર્જ અને ગોરીબાર અન્ય અત્યાચારો સામે પ્રજાએ આપેલો સહીયારો પ્રયાસ નોધનીય છે. બેનોપીટેટ ના નેતૃત્વ હેઠળ મહીલાઓનું ટુકડીનું કાર્ય અસરકારક હતું

– આ લડત સંદર્ભે પ્રજા મત જાગૃત કરવા લોકઉત્સાહ અને લોકચેતના મેળવવા પ્રભાતફેળીને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું . લભડત દરમ્યાન ગુજરાતના ગામે ગામ પ્રભાત ફેળી થી નીકળી લોક ઉત્સાહ અને જુસ્સો આ પ્રભાતફેળીના પરિણામ સ્વરૂપ અકબંધ જળવાઈ રહયો હતો. ભજન કીર્તન સાથે રાષ્ટ્રગીતામે જેમાં ખાદીરાષ્ટ્રીય ચેતના એકતા અસ્પૃશતા નિવારણ દારૂનિષેધ ને આવરી લેતા સુત્રો પણ પોકારવામાં આવતા . ગુજરાતનો યુવાવર્ગ અને કોગ્રેસ કાર્યકરો પોતપોતાના વિસ્તારોમાં અદમ્ય ઉત્સાહ સાથે આવ પ્રભાતફેળીઓ કાઢતા
– આ સત્યાગ્રહ આમ તો વિજય શકિતનું પ્રતિક હતો જેણે ૧૯૪૨ની હિંદ છોડો ચળવળ માટે પ્રેરણારૂપ બની હતી. વિશ્વના લોકોને આ લડત માટે નૈતિક સર્મથન પ્રાપ્ત થયું હતું.

– આમ આ લડત તેની ધયેય પ્રાપ્તી માં દેખીતીરીતે નિષ્ફળ ગઈ છતાંએ ભારતના સ્વાતંત્રયસંગ્રામમાં ઈતિહાસમાં તેની વ્યાપક અમસરો નજરે પડે છે.

– આ લડતમાં ગુજરાતની પ્રજાનો ફાળો અગત્યનો હતો. આ લડતનું નાભિકેન્દ્ર અમદાવાદ હતું. પ્રત્યેક તબબકામાં ગુજરાત દીપી ઉઠયું હતું. કેટલાક અણધાર્યા સંજોગોને પરિણામે લડત ભલે સ્થગિત ગણાવી હોય પરંતુ ગુજરાતની પ્રજામાનસમા નિખાલસતા ,જુસ્સો અને રાષ્ટ્રપ્રેમ દુર થયા ન હતા અંહિ આટલું નોધવું પણ તેનું મુલ્યાંકન પૂર્ણ કરી શકાતું નથી.

– આ લડત સિમારૂપ બની બાપુકાધધંધા તરફ વડેલી ગુજરાતની પ્રજા કાંતણ ,હાથવણાટ ,છાપકામ ,પીજણ ,વણાટ ની પ્રવૃતિઓ ચાલુ થઈ હતી. કંઈક અંશે ગરિબાઈ બેકારી ,લાચારી નાબૂદ થવા પામ્યા હતા.

– મહાત્મા ગાંધીને યાદ કરો ને ખાદી વાપરો જેવા સૂત્રો ધ્વારા સ્વંયમ સેવકોએ અમદાવાદ ,નડિયાદ , સૂરત , ભરૂચ ,વલસાડ ,ગોધરા ,સૌરાષ્ટ્ર ,કચ્છ ,વિસનગર , કડી ,મહેસાણા ,પાટણ ,વાલમ ,ગુંજા, મોડાસા તેમજ અન્ય નાનામોટા ગામડાઓમાં આ પ્રવૃતિઓ વેગવંતી બની હતી.

સંદર્ભગ્રંથો

(૧) ત્રિલોકભાઈ આર પરીખ અને ઈન્દ્રવદન આર પરીખ " આધુનિક વિશ્વનમી ક્રાંતીઓ અને રાષ્ટ્રીય આંદોલન ,પરીખઝાલા પ્રકાશન અમદાવાદ – ૨૦૦૨–૨૦૦૩
(૨) કપિઈપ્રસાદ દવે " સંસ્મરણો સરદારનાં" સંપાદક – દિંગત ક દવે ,દિવ્યકુમાર કે દવે , અમદાવાદ એપ્રિલ – ૨૦૦૧

"A comparative study of Mental Health and Adjustment of the sporty and non-sporty students studying in different universities of Gujarat state."

- **Dr. Ajitsinh Gohil**
I/C PRINCIPAL,
V. J. Patel College of Physical Education,
Mahatma Gandhi Campas, Jantachokdi,
Mogari – 388345. Ta. & Dist. Anand.
Gujarat

Introduction:

A child starts its life the moment it tack place in the womb of mother. This process also helps a child in developing the physical and mental development. In spite of this, the atmosphere education and social experiences affects the child's development. As the child moves ahead, the mental and physical development happens. The socio-cultural matters also affect the progress of cognitive development and also the whole individual development. As the child moves on, internal physical atmosphere and outer atmosphere charges the mental development. With the movement of physical fitness, the mental fitness is also necessary. The present research studies the anxiety, mental health and adjustment of the study in relation to the sporty and non-sporty students who take the higher education in the university of Gujarat state.

1. Mental health:

Mental health is a burning problem of the society. If the man wants tube happy and successful, he must learn the art of remaining healthy. Person can know himself. He can recognize between right and wrong and can calculate the future effects of his deals. Good mental health is the ability to respond varied experiences of life with flexibility and sense of purpose. Mental health of students has been defined as a state of balance between the student and the surrounding world. Mental health of the students implies harmony and integration within students between each student and other member of the society.

Mental health is as important as physical health style however, most of the persons are not conscious awareness and worried about their mental health. Such things are considered as whims of human nature or they are being ignored we do not very much about such characteristics mental health. The main reason for such attitude about mental health.

Following four factors are effect mental health.

- ⇨ Hereditary factors
- ⇨ Physical factors
- ⇨ Social factors
- ⇨ Satisfaction of basic needs

2. Adjustment:

Adjustment is maintaining balance between needs and factors inflicting the satisfaction of needs. In Adjustment individuals establishes co-ordination between his effects and the situation.

The dictionary meaning of the word. 'Adjustment' is, to fit, make suitable, adapt, arrange, modify, harmonize or make correspondent. Thus, when we make an

other. General meaning of adjustment is proper adaptation or maintains balance in the environment. In English language the word adjustment is used for the process of adaptation.

1. Problem statement:

"A comparative study ofMental Health and Adjustment of the sporty and non-sporty students studying in different universities of Gujarat state."

2. Objective of the study:

The major objective of the present research will be as under:

1) To study the Mental Health and Adjustment among sporty and non – sporty students.
2) To study the Mental Health and Adjustment among urban and rural students.
3) To study the Mental Health and Adjustment among boys and girls students.

3. Hypothesis of the study:

According to the research objectives, the hypothesis should be checked. The below hypothesis are formed according to the research.

1) There will be no significant differences between sporty and non – sporty students studying in different universities in relation to Mental Health and Adjustment.
2) There will be no significant differences between urban and rural students studying in different universities in relation to Mental Health and Adjustment.
3) There will be no significant differences between boys and girls students studying in different universities in relation to Mental Health and Adjustment.
4) There will be no significant differences between the students with respect to their status and residential area in relation to Mental Health and Adjustment.
5) There will be no significant differences between the students with respect to their status and sex in relation to Mental Health and Adjustment.
6) There will be no significant differences between the students with respect to their residential area and sex in relation to Mental Health and Adjustment.

4. Variables under study:

1) Independent Variables:

A. Student's status
   A1 sporty
   A2 non – sporty
B. Residential area
   B1 urban
   B2 rural

A. Sex
C1 boy
C2 girl

1) Dependent Variables:

In this study there is one dependent variable with dimensions.

A. Mental health Inventory
B. Adjustment Inventory

1. Sample:

The research work is very complex. It is not possible to study all the aspects which are related to research problem. The small groups are studies in the scatter form and then the implications are applied to the matter. The sample comprised 320 students randomly selected from urban & rural area from different universities.

Data were collected from different universities such as:

- ⇨ Sardar Patel University, V. V. Nagar
- ⇨ Gujarat University, Ahmadabad
- ⇨ Veer Narmad South Gujarat University, Surat
- ⇨ Hemchandracharya North Gujarat University, Patan
- ⇨ North Gujarat University
- ⇨ Gujarat Vidyapeeth, Ahmadabad
- ⇨ Saurasthtra University, Rajkot

2. Research design of the study:

The present study is a between group factorial design. There are 3 independent variables each varied at 2 levels. Therefore, it is a 2X2X2 factorial design. As shown in the table.

	A1 sporty		A2 non – sporty		Total
	B1 Urban	B2 Rural	B1 Urban	B2 Rural	
C1 Boy	40	40	40	40	180
C2 Girl	40	40	40	40	180
Total	80	80	80	80	320

N=320 & n=40

3. **Tool used:** For the data collection following tools were used:
   1. Mental health questionnaire:

      The mental health questionnaire was developed by Dr. D. J. Bhatt in 1992 in order to Measure the mental health of the teachers.

   2. Adjustment inventory:
   3. This inventory that is social and emotional made by Dr. Pramodkumar only 'Yes' and 'No' responses are to be given the test will be done on both boys and girls subjects and their adjustments will be compared.

4. Statistical Analysis:

The statistical analysis for this factorial design is "Analysis of Variance".

There are 3 independent variables each varied at 2 levels (Student's status, residential area and sex). Therefore, it is a 2X2X2 factorial design. Analysis of Variance and mean are carried out.

1. Results:

1) Mental Health:

Table no. 1

Showing results of ANOVA scores of mental health.

Source	Type iii Sum of Squares	df	Mean Square	F
A	5.00	1	5.00	0.15
B	108.11	1	108.11	3.39
C	7.81	1	7.81	0.23
AXB	5.00	1	5.00	0.15
AXC	84.05	1	84.05	2.57*
BXC	63.01	1	63.01	1.92*
AXBXC	204.80	1	204.80	6.26*
Error	1020.60	312	32.71	-
Total	236146.38	320	-	-

Significant at .05 level *

The main aim of the present study is to compare Mental Health and Adjustment of sporty and non sporty students in different university. Table no:1 shows ANOVA scores of Mental Health. So far as main effect is concerned there is no significant relationship between sporty and non sporty students, residential area i.e rural and urban and sex i.e male and female on Mental Health. Interaction effect status of the student and sex shows significant relationship between residential area and sex also shown significant relationship at .05 level.

2) Adjustment:

Table no. 2

Showing results of ANOVA scores of mental health.

Source	Type iii Sum of Squares	df	Mean Square	F
A	35.77	1	35.77	0.53
B	20.50	1	20.50	0.30
C	193.75	1	193.75	2.91
AXB	155.40	1	155.40	2.33
AXC	11.62	1	11.62	0.17
BXC	23.65	1	23.65	0.35
AXBXC	314.02	1	314.02	4.72*
Error	20728.22	312	66.43	-
Total	272195.00	320	-	-

Significant at .05 level *

So far as adjustment concerned there is no significant relationship shows in main effect. Interaction effect also shows not significant relationship here the entire hypothesis is proved. Only interaction AxBxC is significant at .05 level.

1. Conclusion:

1) There is a significant difference among the mental health with respect to their students status and sex.
2) There is a significant difference among the mental health with respect to their residential area and sex.
3) There is a significant difference among the mental health with respect to their students status and residential area and sex.
4) There is a significant difference among the Adjustment with respect to their student's status and residential area and sex.

2. References:

1) Research Methodology by PankajMadan, VageeshPaliwal and RajulBhardwaj, First edition, 2010
2) Advanced Educational Psychology by S. K. Mangal, Second Edition, April -2007
3) Psychology and Mental Health by J. A. Hadfield
4) Journal of Exercise Science and physiotherapy, Vol. 4, No. 2, 115-118, 2008
5) Journal of Applied Psychology, 82, 192-206.
6) International Referred Research Journal, November, 2011. ISSN- 0974-2832, RNI-RAJBIL 2009/29954;vol.III *ISSUE-34
7) Journal of Sports Sciences, February 2006; 24(2): 157 – 164

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

Childlabour and their Exploitation perception in Mulk Raj Anand's Untouchable and Coolie.

- VIJAY B LINDAYAT

INTRODUCTION:

Our Indian society is far better than the rest of the universe from the point of view of culture as well as conventions and ways of living but on the other side, if we glance into our society, it has many social and political and economical evils such as bride burning, dowry system and dowry death, corruption in educational system, problem of illiteracy in India, domestic violence, communalism, injustice, crime against children, unemployment in India, suppression of human rights, poverty. Some of the problems have been cast off from its core by the social propaganda and awareness and education and there are still such unanswerable problems which must be removed from the society only through the individual consciousness.

Literature is an echo or reflection of the society and that is why authors have a direct association with the society and its values. They have always been successful in the vivid portrayal of the colorful and well cultured society. At the same time they never hesitate to show a dirty and filthy image of the society of the particular era or age. One of the major themes in all genres of literature is social issues or problems. Childhood is one of the greatest and valuable periods in human life. It is that phase of life where a child is free from all the tensions, fun-loving, to play and learns new things.

KEYWORDS:

CHILDLABOUR EXPLIOTATION,UNTOUCHABLE,POVERTY.

Abstract :

This paper deals with the subject of exploitation of teenagers with special reference to Mulk Raj Anand's two selected novels Untouchable and Coolie. The term exploitation is not a new coined problem in the modern era but was founded in Russia by Karl Marl and later was comprehended by the whole universe.

Exploitation of teenagers is one of those evils which become obstacles in the complete evolution of the nation. By keeping in mind the present scenario of the Indian society, this paper scrutinizes some causes and remedies for relieving this particular phenomenon keeping in mind the novels Untouchable and Coolie. In the novels, two protagonists Bakha and Munoo represent not only themselves but of the whole teenage class of the Indian modern era who fall victims of exploitations because of monetary need.

This age of a child or teenager is of enjoying the naughtiness and also the time of learning and making career. If the teenagers work taking the whole family's responsibility instead of learning what will be the future of the nation? The issues relating

to the exploitation of teenagers should be high on any Government's agenda. Children should be on the first call on agenda of human resource development not only because young children or teenagers are the most helpless but because this age is the institution of lifelong learning and human development is totally dependent on these crucial early years. The constitution of any teenager's social,emotional, mental background is depended on the primary stage of childhood. Children or teenagers are considered as the future of any nation and as the power and muscle of the nation lies in a healthy, protected, educated and well developed child population. Child abuse is covered in secrecy and there is a great conspiracy of silence among all the administrative power around the entire subject. Existing socio- economic conditions also render some children vulnerable and more at risk to abuse, exploitation and neglect. All the major or minor problems have their root causes from which it stems out.

The Concept of Exploitation The awareness of this new phenomenon first emerged several years ago in Latin America, and more particularly in Asia. But the complete understanding of the term exploitation came into existence after many decades of the people's slumber in the form of Karl Marx, the first revolutionary against capitalism and industrialism which are the basic factors of exploitation. He was a revolutionary by nature. He strongly believes: The worker becomes all the poorer the more wealth he produces, the more his production increases in power and range. The worker becomes an ever cheaper commodity the more commodities he creates. With the increasing value of the world of things proceeds in direct proportion to the devaluation of the world of men (Kreis 1). Thus Marx was against industrialism and capitalism that victimize the people through the medium of various instruments yielding exploitations.

Marx argued that the change in socio-economic conditions occurred through organized revolutionary action. He argued that capitalism would end through the organized actions of an international working class, he did not believe in communism to be established; he used abide the people to accept reality-an ideal to which we will have to adjust itself. He believes that there are only two communities 1.Abuser and 2. Abused people. Then Came Lenin Vladimir, a Russian Marxist revolutionary and then Stalin came with his own revolutionary thoughts. In India, Dr. Baba Saheb Ambedkar, came into the form of semi-God figure, worshipped by the down-trodden people and untouchables of India. He enriched the lives of exploiting caste by awareness, revolution and by granted them the basic human rights. Gandhiji also completely advocated him his actions to eliminate the wrongs done towards low-caste and exploited class.

Exploitation has a strong relationship with the society as in the society there are many people who are being exploited or manipulated for the benefits of others. The term exploitation of teenagers basically has two meanings. One is to make use of someone for specific purpose whose age is more than twelve and less than twenty, and the second one is to manipulate someone or something in an unjust or cruel manner. In the simplest of words, the term exploitation refers to using another person's labour or work without offering adequate rewards including all kinds of abuses as physical, verbal, emotional, sexual, psychological and mental. Exploitation of Teenagers as Reflected in Mulk Raj Anand's Untouchable and Coolie Dr. Mulk Raj Anand's two Novels Untouchable and

Coolie have been considered as the graphical representation of the untouchability and deprivation of the lower classes of India. However with the deep insights one can observe that the phenomenon of exploitation of teenagers has been fully flourished by the author's skillful hands. Mulk Raj Anand was a man of realism.

The characters of his Novels are more real and universal rather than subjective i.e. individual. Most of his writings are directly or indirectly investigating deeply the social process. known talk about the behavioral pattern of untouchablity and the people deprived of social, cultural, religious rights but also because of several exploitations of people including innocent children of that period. Undoubtedly Untouchable is Anand's modern work which is the image of his society's trodden and exploited class. This piece is considered to be an autobiographical note which came out as a form of his experiences. When Anand was a child, his father was employed as a Subedar in the Indian Army. During those days Anand mixed with the children of leather-workers, washer men and sweepers and came across their real daily life and its realities. This association and attachment continued till the days of his youth.

Hence this Novel is the authentic document of his life's incidents. Untouchable is the story of the depravation of outcaste people and at the same time of the exploitation of teenagers. It basically deals with the different teenagers' problems like Bakha, his sister Sohini and his brother Rakha and some other his outcastes friends like Chota and Ramcharan we come across during their a day's activities. Coolie is also a masterpiece depicting the reality of life. The title is very apt, suitable and reasonable as the story of the Novel revolves round a boy named Munoo, a son of a porter who comes from his village to come out his poverty and works at various places. The peak of darkness of exploitation is expertly described by the author.

The Novel also shows the highest level of inhumanity when poor Munoo works at socially, economically, and politically higher classes of Indian society. The Novel shows his adventurous journey of exploitation from servant, factory worker, rickshaw driver to a child labourer. Mulk Raj Anand is considered to be God or Messiah in backward castes and exploited class just because of his brilliant works which describe down-trodden and poor India's social, political, and cultural conditions. The Novels Untouchable and Coolie, which communicate the abuses of an exploited class-an untouchable boy in Untouchable and a waif, Munoo in Coolie. Untouchable and Coolie are the only Novels in which Anand has presented the realistic picture especially problems and exploitations of teenagers of the early decades of 20th century in India to reveal the social background with the unique observation of social reformer. Anand has not presented the teenage character in particularly but in a general way.

